RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 333* Date: 30.09.2020 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાને નમામિ ગંગે મિશન હેઠળ ૬ પરિયોજનાઓનું કર્યુ લોકાર્પણ

# જે ટ્રેક્ટરની ખેડૂત પૂજા કરે છે, વિપક્ષે તેને જ લગાવી આગ: મોદી

## કૃષિ બિલ મુદ્દે વિપક્ષ પર વરસ્યા મોદી: તમામ બાબતમાં ફક્ત વિરોધ વિરોધ અને વિરોધ જ...?, વિરોધ કરનારાઓ ખેડૂતોને આઝાદ થવા દેવા માંગતા નથી

*ન્યુ દિલ્હી,તા.૨૯*

ગંગા સફાઇનું અભિયાન મોદી સરકાર માટે શરૂઆતથી ખૂબ અગત્યનું રહ્યું છે. આજે આ કડીમાં નવો આયામ જોડાવા જઇ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારના રોજ 'નમામિ ગંગે મિશન'ની અંતર્ગત ઉત્તરાખંડમાં છ મેગા પ્રોજેક્ટનું વીડિયો કોન્ફરન્સિંગથી ઉદ્ઘાટન કર્યું.

પીએમ નરેન્દ્ર મોદીએ કૃષિ બિલનો વિરોધ કરી રહેલા વિપક્ષ પર જોરદાર પ્રહારો કર્યા છે. પીએમે કહ્યું કે વિપક્ષ માત્ર વિરોધ માટે વિરોધ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે આજે જયારે કેન્દ્ર સરકાર ખેડૂતોને અધિકાર આપી રહ્યા છે તો પણ લોકો વિરોધ પર ઉતરી આવ્યા છે. પીએમે કહ્યું કે વિપક્ષે રામ મંદિરની જન્મ ભૂમિ પૂજનનો વિરોધ કર્યો હતો. તેઓ ના તો ખેડૂતોની સાથે છે ના તો જવાનોની સાથે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે જળ જીવન મિશનથી દરેક ઘર સુધી શુદ્ધ પાણી પહોંચાડાશે. ગંગા આપણી વિરાસતનું પ્રતિક છે, ગંગા દેશની અડધી વસતીને સમૃદ્ધ કરે છે. પહેલાં પણ ગંગા સફાઇને લઇ મોટા અભિયાન ચલાવ્યા, પરંતુ તેમાં જનભાગીદારી નહોતી. જો તે જ પદ્ધતિ અપનાવત તો ગંગા સાફ ના થાત.

ચોખ્ખા પાણીને લઇ પીએમે કહ્યું કે હવે ઉત્તરાખંડમાં એક રૂપિયામાં પાણીનું કનેકશન મળી રહ્યું છે. મોદી બોલ્યા કે પહેલાં દિલ્હીમાં નિર્ણય થતા હતા પરંતુ જળ જીવન મિશનથી હવે ગામમાં જ નિર્ણયો થઇ રહ્યા છે. પીએમે કહ્યું કે વિરોધ કરનારાઓ ખેડૂતોને આઝાદ થવા દેવા માંગતા નથી, ખેડૂત જેની પૂજા કરે છે તેને જ આગ લગાવી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે દેશમાં MSP રહેશે અને વિપક્ષ જે દાવા કરી રહ્યું છે તે જુઠ્ઠા છે.



પીએમે કહ્યું કે ૪ વર્ષ પહેલાં આ એ સમય હતો જ્યારે દેશના જાબાંજોએ સર્જીકલ સ્ટ્રાઇક કરતા આતંકીઓના અડ્ડા નષ્ટ કરી દીધા હતા. પરંતુ આ લોકો પોતાના જાંબાજો પાસે જ સર્જીકલ સ્ટ્રાઇકના પુરાવા માંગી રહ્યા હતા. સર્જીકલ સ્ટ્રાઇકનો પણ વિરોધ કરીને આ લોકો દેશની સામે પોતાની મંશા સાફ કરી ચૂકયા છે.

પીએમે વિપક્ષ પર પ્રહારો ચાલુ રાખ્યા અને કહ્યું આ લોકો ના તો ખેડૂતોની સાથે છે ના નવજવાનોની સાથે અને ના વીર જવાનોની સાથે. અમારી સરકારે વન રેંક, વન પેન્શનનો લાભ સૈનિકોને આપ્યો તો તેમણે તેનો પણ વિરોધ કર્યો.

મોદીએ કહ્યું કે વાયુસેના કહેતી રહી કે અમને આધુનિક લડાકુ વિમાન જોઇએ, પરંતુ આ લોકોએ તેની વાત પણ ના સાંભળી. અમારી સરકારે સીધા ફ્રાન્સ સરકાર પાસેથી રાફેલ લડાકુ વિમાન માટે કરાર કરી લીધો તેમને ફરીથી મુશ્કેલી થઇ. તેમણે કહ્યું કે ભારતીય વાયુસેનાની સાથે રાફેલ આવી અને તેમની તાકાત વધી તેનો પણ વિરોધ કરતા રહ્યા. પરંતુ આજે મને ખુશી છે કે રાફેલ વિમાન ભારતીય વાયુસેનાની તાકાત વધારી રહ્યું છે. અંબાલાથી લેહ સુધી તેમની ગર્જના ભારતીય જાંબાજોનો હોંસલો વધારી રહ્યું છે.

પીએમ મોદી બોલ્યા કે હવે ગંગા જળમાં ગંદા પાણીને પડતા રોકી રહ્યા છીએ. આ પ્લાન્ટ ભવિષ્યને જોતા બનાવામાં આવ્યો, સાથો સાથ ગંગાના કિનારે વસેલા સો શહેરોને ખુલ્લામાં શૌચથી મુક્ત કર્યા. ગંગાની સાથે સહાયક નદીઓને સાફ કરી રહ્યા છીએ. પીએમે કહ્યું કે નમામિ ગંગેની અંતર્ગત ૩૦ હજાર કરોડથી વધુ યોજનાઓનું કામ ચાલી રહ્યું છે.

પીએમે કહ્યું કે પહેલાં ઉત્તરાખંડમાં ૧૩૦ નાળા ગંગામાં પડતા હતા, પરંતુ હવે તેને રોકી દીધા. પ્રયાગરાજ કુંભમાં ગંગાની સફાઇ લોકોએ વખાણી અને હવે હરિદ્વાર કુંભ માટે પણ આગળ પ્રયાસ થઇ રહ્યા છે. મોદી બોલ્યા કે હવે ખેડૂતોને જૈવિક ખેતીની તરફ આકર્ષિત કરવામાં આવી રહ્યા છે. સાથો સાથ મેદાની વિસ્તારોમાં મિશન ડોલ્ફિનથી મદદ મળશે. પીએમે કહ્યું કે પહેલાં પૈસા પાણીની જેમ વહેતા હતા, પરંતુ સફાઇ થતી નહોતી. હવે પૈસા પાણીમાં વહેતા નથી.

આ પ્રોજેક્ટમાં ૬૮ મિલિયન લીટર રોજની ક્ષમતાવાળા એક નવા એસટીપીનું નિર્માણ, હરિદ્વારના જગજીતપુરમાં આવેલા ૨૭ એમએલડી ક્ષમતાવાળા એસટીપીના અપગ્રેડેશન અને હરિદ્વારના જ સરાઇમાં ૧૮ એમએલડી ક્ષમતાવાળા એસટીપીનું નિર્માણ સામેલ છે. ઉત્તરાખંડમાં હરિદ્વાર-ઋષિકેશ ક્ષેત્રમાંથી ગંગા નદીમાં લગભગ ૮૦ ટકા અપશિષ્ટ પાણી વહી જાય છે એવામાં અહીં કેટલાંય એસટીપી પ્રોજેક્ટનું નિર્માણ ગંગા નદીને સ્વચ્છ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે.

### ત્રણ નવેમ્બરે મતદાન, ૧૦ નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે

# કોરોના સંકટ વચ્ચે રાજ્યની વિધાનસભાની આઠ બેઠકોની પેટાચૂંટણી જાહેર

*ગાંધીનગર,તા.૨૯*

ગુજરાત વિધાનસભાની ૮ પેટાચૂંટણીઓ માટે જે ઘડીની રાહ જોવાઈ રહી હતી, તે ક્ષણ આખરે આવી ગઈ છે. ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણી જાહેર કરી દેવામાં આવી છે. ૩ નવેમ્બરે ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણીઓ માટે મતદાન થશે અને ૧૦ નવેમ્બરે મતગણતરી થશે.



ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી ૮ બેઠકોની પેટાચૂંટણીઓ માટે ૯થી ૧૬ ઓક્ટોબર સુધી ઉમેદવારો પોતાનો ફોર્મ ભરી શકશે. ૦૯ ઓક્ટોબરે ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડવામાં આવશે. ગુજરાતમાં આજથી આચારસંહિતા લાગૂ કરી દેવામાં આવી છે.

બીજી બાજુ પેટાચૂંટણીની જાહેરાતને કોંગ્રેસે આવકારી છે. ચાવડાએ જણાવ્યું છે કે આઠેય બેઠકો પર કોંગ્રેસ જીતશે.ચાવડાએ ભાજપ પર આક્ષેપ કરતા જણાવ્યું કે, ગુજરાતમાં પેટાચૂંટણીઓ માટે ભાજપ જવાબદાર છે. પરંતુ પક્ષપલટુઓને આ વખતે પ્રજા જાકારો આપશે. હાલ કોંગ્રેસમાં આઠેય બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલું છે.

તમને જણાવી દઈએ કે અબડાસા, લીંબડી મોરબી, ડાંગ, કપરાડા, ધારી, ગઢડાવ અને કરજણ બેઠકની પેટાચૂંટણીઓ યોજાવાની છે. કપરાડામાંથી જીતુ ચૌધરી, ડાંગમાંથી મંગળ ગાવિત, લીંબડીમાંથી સોમા પટેલ, ગઢડામાંથી પ્રવિણ મારૂ, ધારીમાંથી જે.વી.કાકડીયા, મોરબીમાંથી બ્રિજેશ મેરજા, કપરાડામાંથી અક્ષય પટેલ અને અબડાસામાંથી પ્રદ્યુમનસિંહ જાડેજાએ રાજીનામાં આપ્યાં હતાં. જેને પગલે આ બેઠકો ખાલી પડી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચે ૧૨ રાજ્યોની ૫૬ વિધાનસભાની સીટો અને બિહારની એક લોકસભા સીટ પર પેટાચૂંટણીઓની તારીખ જાહેર કરીદીધી છે અહીં ૩ નવેમ્બરે વોટિંગ અને ૧૦ નવેમ્બરે પરિણામ જાહેર થશે.

| તારીખ | પ્રક્રિયા |
|---|---|
| ૯ ઓક્ટોબર | જાહેરનામુ બહાર પડશે |
| ૧૬ ઓક્ટોબર | ઉમેદવારી ફોર્મ પાછા ખેંચવાનો અંતિમ દિવસ |
| ૧૭ ઓક્ટોબર | ઉમેદવારી ફોર્મની ચકાસણી |
| ૧૯ ઓક્ટોબર | ઉમેદવારી ફોર્મ પાછા ખેંચી શકાશેં |
| ૩ નવેમ્બર | મતદાન |
| ૧૦ નવેમ્બર | મતગણતરી |

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા:૧૩૮૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**

**પહોંચ્યો : ૧૩૬૦૦૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુ: ૧૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**

**દર્દીઓની સંખ્યા :૧૩૮૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**

**દર્દીઓની સંખ્યા : ૧૧૫૯૫૯**

### ચીન સાથે સરહદે હાલમાં ના યુદ્ધ ના શાંતિની સ્થિતિ

# પૂર્વ લદ્દાખમાં કોઈ છમકલું થશે તો ભારત જડબાતોડ જવાબ આપશે: વાયુદળ વડા

*ન્યુ દિલ્હી,તા.૨૯*

ભારત અને ચીન વચ્ચે પૂર્વ લદ્દાખમાં હાલમાં તણાવની સ્થિતિ ચાલી રહી છે ત્યારે ભારતીય વાયુદળના વડા એર ચીફ માર્શલ આરકેએસ ભદોરિયાએ તાજેતરની સ્થિતિ અંગે મહત્વનું નિવેદન આપ્યું છે. ભદોરિયાએ જણાવ્યું હતું કે, ભારતની પૂર્વ સરહદે ચીન સાથે ચિંતાજનક સ્થિતિ છે અને યુદ્ધ પણ નહીં અને શાંતિ પણ નહીં તેવું વાતાવરણ પ્રવર્તે છે. પૂર્વ સરહદ પર જો કોઈ કાંકરીચાળો પણ થશે તો ભારત તેનો જડબાતોડ જવાબ આપવા સજ્જ છે તેમ એર ચીફ માર્શલે જણાવ્યું હતું. એક કોન્ફરન્સને સંબોધતા એર ચીફ માર્શલ ભદોરિયાએ જણાવ્યું હતું કે ભારતીય વાયુસેનાએ પ્રવર્તમાન પરિસ્થિતિ સામે ઝડપથી પ્રતિસાદ આપ્યો હતો અને પૂર્વ સરહદ પર કોઈપણ અનિચ્છિનિય ઘટનાનો સામનો કરવા પ્રતિબદ્ધ છે. દેશની પૂર્વ સરહદ પર પ્રવર્તમાન સ્થિતિ ચિંતાજનક જરૂર છે. આપણું લશ્કર કોઈપણ ઘટનાને પહોંચી વળવા સજ્જ છે.

વાયુસેનાના વડાએ વધુમાં જણઆવ્યું કે હાલમાં જ રાફેલ યુદ્ધવિમાનોના કાફલાનો લશ્કરમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ અગાઉ સી-૧૭ ગ્લોબમાસ્ટર એરક્રાફ્ટ તેમજ ચિનૂક અને અપાચે હેલિકોપ્ટર્સ પણ વાયુસેનાને ઉપલબ્ધ કરાવાયા છે. આ તમામ વિમાનો તેમજ હેલિકોપ્ટર્સ વ્યૂહાત્મક અને રણનીતિક ક્ષમતા વૃદ્ધિ ધરાવે છે.

ભવિષ્યમાં સંભવિત ઘર્ષણની સ્થિતિમાં હવાઈ શક્તિ આપણા માટે અત્યંત મહત્વની પુરવાર થશે. એટલા માટે જ ભારતીય વાયુસેના વિરોધીઓ સામે હંમેશા તકનીકી ધાર ધરાવે છે. ૧૦ સપ્ટેમ્બરના ભારતીય વાયુસેનામાં ફ્રાન્સ દ્વારા નિર્મિત પાંચ રાફેલ યુદ્ધ વિમાનને કાફલામાં સમાવવામાં આવ્યા હતા. રાફેલ યુદ્ધવિમાનો છેલ્લા કેટલાક સપ્તાહથી પૂર્વ લદ્દાખ સરહદે તેમની ઉડાન ભરી રહ્યા છે.

નોંધનીય છે કે નવી રક્ષાનીતિને પગલે ઘરઆંગણે સ્વદેશી યુદ્ધવિમાનો અને લશ્કરી સરંજામના ઉત્પાદનને પ્રોત્સાહનથી ભવિષ્યમાં ભારતીય લશ્કરના બાવડાં વધુ મજબૂત બની શકશે.

# ભારતમાં ચીનનો વધુ એક વાયરસ કેટ ક્યૂ એન્ટ્રી કરી શકે છે : આઈસીએમઆર

*ન્યુ દિલ્હી,તા.૨૯*

એક તરફ ભારત સહિત વિશ્વ કોરોનાના પ્રકોપથી પીછો છોડાવવા માટે સંઘર્ષ કરી રહ્યાં છે તો બીજીતરફ ચીનના વધુ એક વાયરસનો ખતરો દેશ-દુનિયા પર દેખાવા લાગ્યો છે. ભારતીય તબીબી સંશોધન પરિષદએ ભારત સરકારને ચેતવણી આપી છે કે ચીનનો કેટ ક્યૂ વાયરસ (Cat Que Virus એટલે કે CQV) ભારતમાં એન્ટ્રી કરી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ વ્યક્તિઓમાં ફેબ્રીલ બીમારીઓ, મેન્ટિજાઇટિસ અને બાળકોમાં ઈન્સેફલાઇટિસની સમસ્યા ઉભી કરી શકે છે.

આઈસીએમઆરના પુણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજીના સાત શોધકર્તાઓના હવાલાથી કહેવામાં આવ્યું છે કે ચીન અને વિયતનામમાં કેટ ક્યૂ વાયરસની હાજરીની જાણકારી મળી છે. ત્યાં ક્યૂલેક્સ મચ્છરો અને પિગમાં આ વાયરસ મળ્યો છે. નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે ભારતમાં પણ ક્યૂલેક્સ મચ્છરોમાં કેટ ક્યૂ વાયરસ જેવું કંઈ મળ્યું છે. સંસ્થાએ કહ્યું કે, સીક્યૂવી મૂળ: પિગમાં મળે છે અને ચીનના પાલતૂ પિગમાં આ વાયરસ વિરુદ્ધ ફલોરિંગ એન્ટીબોડીઝ મળી આવી છે. તેનો મતલબ છે કે કેટ ક્યૂ વાયરસે ચીનમાં સ્થાનીક સ્તરે પોતાનો પ્રકોપ ફેલાવવાનું શરૂ કરી દીધું છે.

વૈજ્ઞાનિકોએ વિભિન્ન રાજયોમાં ૮૮૩ લોકોના સેમ્પલ લીધા અને તેમાંથી બેમાં વાયરસ વિરુદ્ધ એન્ટીબોડી મળ્યા. તપાસમાં જાણવા મળ્યું કે, બંન્ને લોકો એક સમયે સંક્રમિત થયા હતા. ઈન્ડિયન જર્નલ ઓફ મેડિકલ રિસર્ચમાં જૂન મહિનામાં પ્રકાશિત એક રિસર્ચમાં કહેવામાં આવ્યું કે, વ્યક્તિઓમાં સીરમ સેમ્પલોની તપાસમાં એન્ટી-સીક્યૂવી આઈજીજી એન્ટીબોડી મળવી અને મચ્છરોમાં સીક્યૂવીનું રેપ્લકેશન કેપેબિલિટીથી જાણવા મળે છે કે ભારતમાં આ બીમારી ફેલાવાની ક્ષમતા રાખે છે. તેવામાં મનુષ્યો અને પિગના વધુ સીરમ સેમ્પલોની તપાસ થવી જોઈએ જેથી ખ્યાલ આવી શકે કે આ વાયરસ આપણી વચ્ચે પહેલાથી તો હાજર નથી ને.

### ૭ બેઠકો પર હાલ ચૂંટણી નહિ યોજાય

# ૧૨ રાજ્યોની ૫૬ વિધાનસભાની બેઠક પર પેટાચૂંટણી જાહેર

*ન્યુ દિલ્હી,તા.૨૯*

ચૂંટણી પંચ દ્વારા મંગળવારે છત્તીસગઢ, ગુજરાત, ઝારખંડ, કર્ણાટક, મધ્યપ્રદેશ, નાગાલેંડ, ઓડિશા, તેલંગાણા અને ઉત્તરપ્રદેશની વિધાનસભા અને એક લોકસભા બેઠક માટે પેટાચૂંટણીની તારીખોની જાહેરાત કરી દીધી છે. આ બેઠકો પર ૨ નવેમ્બરના રોજ ચૂંટણી યોજાશે જ્યારે ૧૦ નવેમ્બરના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.બિહારની એક લોકસભા અને મણિપુરની બે વિધાનસભા બેઠક પર ૭ નવેમ્બરના રોજ પેટાચૂંટણી યોજાશે. છત્તીસગઢ, ગુજરાત, ઝારખંડ, કર્ણાટક, મધ્યપ્રદેશ, નાગાલેંડ, ઓડિશા, તેલંગાણા અને ઉત્તર પ્રદેશની ૫૪ બેઠકો પર ૩ નવેમ્બરના રોજ પેટાચૂંટણી થશે જ્યારે ૧૦ નવેમ્બરના રોજ મતગણતરી કરવામાં આવશે. કર્ણાટકની વિધાન પરિષદ અને વિધાનસભાની બે-બે બેઠકો માટે ૨૮ ઓક્ટોબરના રોજ પેટાચૂંટણી થશે. જ્યારે ૨ નવેમ્બર ૨૦૨૦ના રોજ મતગણતરી થશે.

ચૂંટણી પંચે દ્વારા મંગળવારના રોજ આસામ, કેરળ, તામિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં આ સમયે પેટાચૂંટણીની તારીખની જાહેરાત નહી કરવાનો નિર્ણય કર્યો છે. ચૂંટણી પંચે આ રાજ્યોના મુખ્ય સચિવો - મુખ્ય ચૂંટણી અધિકારીથી ચૂંટણી અને તેના સંબંધિત મુદ્દાઓના સંચાલનમાં મુશ્કેલીઓ ઉભી કરવાના ઈનપુટ મળ્યાં છે.

આમ ચૂંટણી પંચે મધ્ય પ્રદેશ, ગુજરાત, ઓડિશા નાગાલેંડ, મણિપુર સહિત કેટલાંક રાજ્યની ૫૬ વિધાનસભા બેઠક અને એક લોકસભા બેઠક પર પેટાચૂંટણીની તારીખનું એલાન કરી દેવામાં આવ્યું છે. આ બેઠક પર ૩ નવેમ્બરના રોજ મતદાન અને ૧૦ નવેમ્બરના રોજ મતગણતરી કરાશે. જો કે ચૂંટણી પંચે આસામ, કેરળ, તામિલનાડુ અને પશ્ચિમ બંગાળની ૭ બેઠકો પર પેટાચૂંટણી નહી યોજવાનો નિર્ણય લીધો છે.

## તંત્રી સ્થાનેથી...

# કૃષિ બિલના ફાયદાઓ અંગે સાંસદો ખેડૂતોને સમજાવી શકશે કે કેમ...?

દેશમાં કોરોના કેસોની સંખ્યા સામે દર્દીઓની સાજા થવાની સંખ્યામાં પણ જોરદાર વધારો થઈ રહ્યો છે. બીજી તરફ રાજકીય ક્ષેત્રના યોજાતા કાર્યક્રમોમાં નેતાઓ અને કાર્યકરોના વ્યવહાર વર્તનની અસર આમ પ્રજામાં પડવા લાગી છે પરિણામે અનેક લોકો નચિંત થઈને માસ્ક બાંધવાથી તેમજ ડિસ્ટન્સ જાળવવાથી દૂર રહેવા લાગ્યા છે. જેના પરિણામો દુષ્કર આવવાની દહેશત આમ પ્રજામાં ફરી વળી છે. દેશભરમાં કોરોનાની ભરમાર વચ્ચે બિહાર રાજયની ચૂંટણીનો કાર્યક્રમ ચૂંટણી પંચે કોરોના અંગેના નિયમો પાળવાની શરતો સાથે જાહેર કરી દીધો..... પરંતુ બિહારમાં રાજકીય પક્ષોના ઉમેદવારો અને ટેકેદારો પ્રદેશ કક્ષાએ તેમના પક્ષના પ્રમુખ તથા નેતાઓને મળવા ઉમટી પડ્યા. જેમા ડિસ્ટન્સ તો રહ્યુંજ ન હતું તો અનેક ઉમેદવારીના દાવેદારો આને તેઓના ટેકેદારોના મોઢા પર માસ્ક જ ન હતા... જેનો મતલબ છે કે કોરોનાની ગંભીરતા આ રાજકીય નેતાઓ કે કાર્યકરો સમજવા તૈયાર નથી અને તેમાં પણ ભાજપા અને જેડીયુની ઓફિસો પરતો ઉમેદવારો અને તેમના ટેકેદારો બેખૌફ હતા કારણ માસ્ક અને ડિસ્ટન્સ ગુમ હતા.. ત્યારે લાગ્યું કે વડાપ્રધાન મોદીજીની, આરોગ્ય મંત્રાલયની અને ચૂંટણી પંચે આપેલ કોરોના બાબતેની સાવચેતી અને સલાહ કોઈ માનવા તૈયાર જ નથી કે પછી તેઓની ચેતવણી છતાં પણ કોરાના નિયમોની એસી કી તૈસી કરી રહ્યા છે. આ બાબત આમ પ્રજા માટે જોખમી બની જશે તેવો ડર બિહારના જાગૃત લોકો વ્યકત કરી રહ્યા છે. તો દેશના લોકો મીડિયા સમાચાર જોઈને કોરોના વધુ પ્રમાણમાં ફેલાવાનો ભય વ્યકત કરી રહ્યા છે. લોકો કહે છે કે આપણે વડાપ્રધાન મોદીજી, મુખ્યમંત્રીઓની કોરોના નિયમો પાળવાની સલાહ માની અમલ કરી રહ્યા છીએ તો તેમનાજ નેતાઓ કે કાર્યકરો કેમ માનતા નથી.....? શું દેશમાં કોરોના વધુ ફેલાય તેવું તેઓ ઈચ્છી રહ્યા છે.....? તેવો સવાલ લોકો કરી રહ્યા છે.....

દેશમાં કૃષિ બિલો બાબતે ખેડૂતોનો આક્રોશ સાથે વિરોધ વધી જશે તેવો અગાઉ આ કોલમમા અગાઉ ઉલ્લેખ કર્યો હતો ત્યારે આજે કૃષિ બિલનો મોટા પ્રમાણમાં ખેડૂતો વિરોધ કરવા સાથે રોડ પર આવી ગયા છે અને હવે ખેડૂત મહિલાઓ પણ જોડાઈ ગઈ છે . પંજાબ અને હરિયાણાના ખેડૂતોએ ભારે આક્રોશમાં આવી ગયા છે જેમાં ત્રણેક દિવસ પહેલા પંજાબમાં આને ગઈ કાલે દિલ્હીમા ઈન્ડિયા ગેટ પાસે એક ટ્રેકટર સળગાવી દીધું હતુ. હવે મક્કમ રીતે ઝડપી ગતિએ દેશભરમાં કૃષિ ફિલ્મોનો વિરોધ આગળ વધી રહ્યો છે. દેશના ૩૦ રાજયો પૈકી કર્ણાટક,આંધ્ર, ઉત્તર પ્રદેશ સહિતના ૧૦ રાજયમાં કૃષિ ફિલ્મોનો ભારે વિરોધ થઈ રહ્યો છે. ગુજરાતમા પણ કેટલાક વિસ્તારોમાં ખેડૂતોએ વિરોધ દર્શાવ્યો હતો...દેખાવો કર્યા હતા. જોકે રાજકીય પક્ષો પણ કૃષિ બિલો અનુસંધાને ખેડૂતોના ટેકામાં આવી ગયા છે છતાં એક બાબત નોંધનીય રહી છે કે ખેડૂત સંગઠનો દ્વારાજ મોટા પ્રમાણમાં વિરોધ થઈ રહ્યો છે. ખેડૂત સંગઠનોએ રાજકીય પક્ષોને ક્યાંય પણ આગળ કર્યા નથી કે સામેલ કર્યા નથી.બીજી તરફ વડાપ્રધાનશ્રીએ ખેડૂતોની વચ્ચે જઈને તેમને કૃષિ બિલો અંગે ખેડૂતોને થનાર ફાયદા સમજાવવા સાંસદોને પોતપોતાના મત વિસ્તારમાં જઈ ખેડૂતોને થનાર લાભની સમજ આપવા કહ્યું છે પરંતુ સાંસદો પૈકીના અનેકોનો પ્રજા સાથે સંપર્ક રહ્યો નથી કે લોકો વચ્ચે ચૂટાયા પછી ગયા નથી તેઓમાં મૂંઝવણ છે. તો બિહારમાં તો ભાજપાના સાંસદ પૂર પિડીતોને મળવા ગયા ત્યારે તેમની સાથે પિડીતોએ ધોલ ધપાટ મારવા સાથે જે વ્યવહાર કર્યો હતો તે કારણે સંસદોમાં ફફડાટ છે.....! પરંતુ સૌ કોઈ મૌન છે... કોઈ મોદીજીને કે પ્રમુખશ્રીને કાંઈ પણ કહેવા તૈયાર નથી....! બીજી તરફ ભાજપાના રાષ્ટ્રીય પ્રમુખ સંગઠનનો ગંજીપો ચીપવાનું શરૂ કર્યું છે તેમાં નિષ્ક્રિય રહેતાં કે બીજાના ખભે બંદૂક ફોડનારાઓને દુર કરવા સાથે કેટલાક ખેલાડીઓને દૂર કરી દઈને દેશભરના દરેક રાજયના નિષ્ઠાવાન નેતાઓનો સમાવેશ કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.... જે કારણે અનેક નેતાઓની ઉંઘ ઉડી ગઈ છે......! વંદે માતરમ

# પુરીના જગન્નાથ મંદિરમાં ૪૦૪ સેવાદાર અને કર્મચારીઓ કોરોના પોઝિટિવ



*પુરી,તા.૨૯*

ઓડિશાના જગન્નાથપુરી મંદિરમાં હંગામો મચ્યો છે. અહીં, મંદિરના ૩૫૧ સેવાદારો અને ૫૩ કર્મચારીઓને કોરોના વાયરસથી ચેપ લાગ્યો છે. આટલી મોટી સંખ્યામાં કોરોના ચેપના કેસ બાદ શ્રી જગન્નાથ મંદિર પ્રશાસન (એસજેટીએ) એ મંદિરમાં સેનેટાઈઝેશન કરવાનું કામ શરૂ કર્યું છે.

શ્રી જગન્નાથ મંદિર પ્રશાસનના સંચાલક અજય જેનાએ જણાવ્યું હતું કે ૧૨મી સદીના મંદિરમાં કુલ ૪૦૪ લોકોને કોરોના ચેપ લાગ્યો છે. તેમણે કહ્યું હતું કે, આટલી મોટી સંખ્યામાં સેવાદરો અને કર્મચારીઓની ગેરહાજરી હોવા છતાં ભગવાન જગન્નાથના કર્મકાંડ ચાલુ છે, પરંતુ તેમાં કેટલીક સમસ્યાઓ આવી રહી છે.

COVID-19ના કારણે માર્ચમાં કરવામાં આવેલા જગન્નાથ મંદિર બંધ કરવામાં આવ્યું હતું. જે હજુ સુધી શ્રદ્ધાળુઓ માટે ખોલવામાં આવ્યું નથી. અધિકારીઓએ કહ્યું કે જે સેવકોનો કોરોનાનો ચેપ લાગ્યો છે તે તમામ હોમ આઈસોલેશનમાં જ છે. તેમના હોમ આઈસોલેશન થયા બાદ મંદિરમાં પૂજા-પાઠ અને અનુષ્ઠાનના જાણકારોની અછત થઈ ગઈ છે.

ઓછામાં ઓછા ૧૩ પુજારીઓ એક જૂથમાં મળીને ભગવાન બલભદ્ર, દેવી સુભદ્રા અને ભગવાન જગન્નાથની વિધિ કરે છે. તેથી, અન્ય સેવાદરો સિવાય ૩૯ પૂજારોની ઉપસ્થિતિ દૈનિક ધાર્મિક વિધિ કરવી જરૂરી છે, જેથી પૂજા યોગ્ય રીતે થઈ શકે.

# ૨૮ વર્ષ બાદ આજે સીબીઆઇ વિશેષ કોર્ટ બાબરી ધ્વંસનો ચુકાદો સંભળાવશે

*લખનૌ,તા.૨૯*

બાબરી મસ્જિદ તોડી પડાયાના ૨૮ વર્ષ જૂના કેસમાં સીબીઆઈની વિશેષ કોર્ટ આવતીકાલે તા.૩૦ સપ્ટેમ્બરે અંતિમ નિર્ણય સંભળાવશે. સીબીઆઈ કોર્ટના જજ સુરેન્દ્રકુમાર યાદવે આ મામલે અંતિમ નિર્ણય આપવા માટે ૩૦મી સપ્ટેમ્બર નક્કી કરી હતી. સીબીઆઈ કોર્ટે ચુકાદાના દિવસે ભાજપ્રા વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, પૂર્વ કેન્દ્રીય મંત્રી મુરલી મનોહર જોષી, યુપીના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહ, ઉમા ભારતી, વિનય કટીયાર, સાક્ષી મહારાજ, સાધ્વી રિતંભરા, વિહિપ નેતા ચંપતરાય સહિત તમામ ૩૨ આરોપીને હાજર રહેવા તાકીદ કરી છે. સીબીઆઈના વકીલ લલિતસિંહે જણાવ્યું કે ફરિયાદી પક્ષ અને બચાવ પક્ષ બન્નેની દલીલો ૧ સપ્ટેમ્બરે પૂર્ણ થઈ હતી.. ત્યાર બાદ વિશેષ જજે ચુકાદો લખવાનું શરૂ કરી દીધું હતું. બાબરી મસ્જિદ ડિમોલિશન કેસમાં સીબીઆઈએ ૩૨૧ સાક્ષી અને ૬૦૦ દસ્તાવેજી પુરાવા રજૂ કરી દીધા છે. અયોધ્યામાં કાર સેવકોએ ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ બાબરી મસ્જિદ તોડી પાડી હતી જે કેસનો ચુકાદો ૨૮ વર્ષ બાદ આવી રહ્યો છે. ગત મહિને સુપ્રીમકોર્ટે બાબરી મસ્જિદ ડિમોલિશન કેસની સુનાવણી કરી રહેલી વિશેષ સીબીઆઈ કોર્ટની સમય મર્યાદા ૩૦ સપ્ટેમ્બર સુધી લંબાવી હતી.

સુપ્રીમ કોર્ટે બાબરી મસ્જિદનાં વિવાદીત માળખાને તોડી પાડવાને ગુનો કહ્યો હતો. કોર્ટના મતે આ ઘટનાએ સંવિધાનની ધર્મ નિરપેક્ષ છબીને ખરડાવી છે. સુપ્રીમ કોર્ટે વીઆઈપી આરોપીઓ વિરુદ્ધ ગુનાઈત ષડયંત્રના આરોપ્રે બહાલ કરવાની સીબીઆઈની અરજીને સ્વીકારી હતી. એપ્રિલ ૨૦૧૭માં સુપ્રીમકોર્ટે રાયબરેલીમાં ચાલી રહેલા આ કેસને સીબીઆઈની વિશેષ કોર્ટમાં સ્થળાંતરની મંજૂરી આપી હતી.ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ઉમા ભારતી કોરોના વાયરસથી સંક્રમિત થતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે હોસ્પિટલમાં દાખલ થવાના ત્રણ કારણ જણાવ્યા છે. આ કારણોમાં એક છે કે તેઓ બાબરી મસ્જિદના મામલે ઉત્તર પ્રદેશમાં કોર્ટમાં હાજર થવા માગે છે. બાબરી વિધ્વંસ મામલામાં લખનઉમાં સીબીઆઈની સ્પેશિયલ કોર્ટે કાલે ચુકાદો સંભળાવશે. ૨૮ વર્ષ જૂના આ કેસમાં ઉમા ભારતી ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોગર જોષી સહિત અન્ય આરોપીઓ છે.

# નાસાના વૈજ્ઞાનિકોએ મંગળ પર પાણીના સ્ત્રોતની શોધ કરીઃ તળાવ મળી આવ્યા

*વૉશિંગ્ટન,તા.૨૯*

અમેરિકન સ્પેસ એજન્સી નાસાના વૈજ્ઞાનિકોએ મંગળ પર પાણીના સ્ત્રોતની શોધ કરી છે. વૈજ્ઞાનિકોને મંગળની જમીનની અંદર એટલે કે નીચે ત્રણ સરોવરો મળી આવ્યા છે. આપને જણાવી દઈએ કે બે વર્ષ પહેલા મંગળ ગ્રહના દક્ષિણ ધ્રુવ પર ખૂબ મોટી મીઠાના તળાવ મળી આવ્યા હતા. આ તળાવ બરફની નીચે દટાયેલું છે. એટલે કે, ભવિષ્યમાં મંગળ ઉપર વસી શકાય છે જો તેના પાણીનો ઉપયોગ કરી શકાય તો.

યુરોપિયન સ્પેસ એજન્સી (ઇએસએ)ના સ્પેસક્રાફ્ટ માર્સ એક્સપ્રેસને ૨૦૧૮માં જે જગ્યાએ બરફની નીચે મીઠાના પાણીના તળાવની શોધ કરી હતી. આ તળાવ અંગેની માહિતી વધુ મજબૂત કરવા માટે ૨૦૧૨ થી ૨૦૧૫ સુધી માર્સ એક્સપ્રેસ સેટેલાઇટ ૨૯ વખત તે વિસ્તારમાંથી પસાર થયું. આ વિસ્તારની આજુબાજુ તેને ફરીથી વધુ ત્રણ સરોવરો જોવા મળ્યા છે. આ ત્રણ તળાવો માટે અવકાશયાનને ૨૦૧૨ અને ૨૦૧૯ ની વચ્ચે ૧૩૪ વખત અવલોકન કરવું પડ્યું છે.

મંગળની સપાટી પર પાણી પ્રવાહી અવસ્થામાં જોવા મળ્યું છે. આ અહેવાલ વિજ્ઞાન મેગેઝીન નેચર એસ્ટ્રોનોમીમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. ૨૦૧૮માં શોધવામાં આવેલા તળાવ મંગળ ગ્રહના દક્ષિણ ધ્રુવ પર આવેલ છે. આ તળાવ અંદાજે ૨૦ કિલોમીટર પહોળુ છે. આ મંગળ ગ્રહ પર જોવા મળેલ અત્યાર સુધીનો સૌથી મોટો જળસંગ્રહ છે.

રોમ યુનિવર્સિટીના એસ્ટ્રોસાયન્ટિસ્ટ એલના પેટીનેલીએ જણાવ્યું હતું કે અમે બે વર્ષ પહેલાં શોધી કાઢેલ તળાવની આજુબાજુ વધુ ત્રણ તળાવો શોધી કાઢ્યા છે. મંગળ પર પાણીના સ્ત્રોતોની ખૂબ જ દુર્લભ અને ગાઢ પેટર્ન દેખાય છે. જેને આપણે સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. અગાઉ સંશોધન દ્વારા મંગળની સપાટી પર પ્રવાહી પાણીના સંભવિત સંકેતો મળ્યાં હતાં.

મંગળ એક સૂકો અને વેરાન ગ્રહ નથી જેમ કે પહેલાં વિચારાતું હતું. કેટલીક ચોક્કસ પરિસ્થિતિઓમાં પાણી પ્રવાહી અવસ્થામાં મંગળ પર જોવા મળ્યું છે. વૈજ્ઞાનિક લાંબા સમયથી એવું માની રહ્યા હતા કે કયારેક આખા લાલ ગ્રહ પર પાણી ભરપૂર માત્રામાં વહેતું હતું, ત્રણ અબજ વર્ષ પહેલાં જળવાયુમાં આવેલા મોટા ફેરફારોના લીધે મંગળનું આખું રૂપ બદલાઇ ગયું.

# રામ મંદિરનો યશ મોદીજીને નહીં,રાજીવ ગાંધીને આપોઃ સુબ્રહ્મણ્યમ સ્વામી

**ન્યુ દિલ્હી,તા.૨૯**

ભાજપના વિવાદાસ્પદ સાંસદ ડૉક્ટર સુબ્રહ્મણ્યમ સ્વામીએ કહ્યું હતું કે રામ મંદિરનો યશ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને નહીં, કોંગ્રેસના વડા પ્રધાન રાજીવ ગાંધીને આપવો જોઇએ. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ વિષયમાં કશું પ્રદાન કર્યું નથી.

એક ટીવી ચેનલને આપેલા ઇન્ટરવ્યૂમાં સ્વામીએ કહ્યું કે સરકારના વડા તરીકે રામ મંદિરના મુદ્દે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કશું કર્યું હોવાનું મારા ધ્યાનમાં નથી.

‘રામ મંદિરની તમામ ચર્ચા અમે બધાએ કરી. સરકાર તરફથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કશું કર્યું નથી. હા, જેમણે રામ મંદિર માટે કશું કર્યુ એમનું નામ હું પહેલાં આપી ચૂક્યો છું. કોંગ્રેસના વડા પ્રધાન રાજીવ ગાંધીએ રામ મંદિર માટે કંઇક કર્યું હતું’ એમ સ્વામીએ કહ્યું હતું

જો કે ટીવી ચેનલ પરનો આ ઇન્ટરવ્યું સ્વામીએ ક્યારે આપ્યો હતો એ સ્પષ્ટ થયું નથી, પરંતુ ભાજપના જ નવી દિલ્હીના હરિ નગરના કોર્પોરેટર તેજિંદર સિંઘ બગ્ગાએ આ ઇન્ટરવ્યૂના મુદ્દે સ્વામીને ઘેર્યા હતા. બગ્ગાએ નિંદાસૂચક શબ્દોમાં સોશ્યલ મિડિયા પર લખ્યું, ‘ગિરગીટ સ્વામી કહે છે કે રામ મંદિરના નિર્માણમાં હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું કશું પ્રદાન નથી, ગિરગીટ સ્વામી રામ મંદિરનો યશ રાજીવ ગાંધીને આપે છે, બોલો!

### છેલ્લા ૨૪ કલાકમાં ૭૦ હજાર પોઝિટિવ કેસ,૭૭૬ના મોત

# રાહતના સમાચારઃ કોરોનાના દૈનિક કેસોમાં ઘટાડો

*ન્યુ દિલ્હી,તા.૨૯*

વિશ્વમાં સૌથી ઝડપી કોરોના ચેપ ભારતમાં ફેલાયેલો છે, પરંતુ હવે પહેલાં જેટલો કદાચ ઘાતક નથી. કારણ કે નવા ચેપમાંથી સાજા થનારા લોકોની સંખ્યા વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૭૦,૫૮૯ નવા કોરોના કેસ નોંધાયા છે. જયારે કોરોનાથી ૮૪,૮૭૭ દર્દીઓ સાજા થયા છે. જોકે ૭૭૬ દર્દીઓના મોત થયા હતા. આની પહેલાં છેલ્લા ૨૬ દિવસથી દરરોજ એક હજારથી વધુ લોકોના કોરોનાથી મોત થતા હતા.

આરોગ્ય મંત્રાલયના તાજેતરના આંકડા મુજબ દેશમાં હવે ચેપગ્રસ્ત કોરોનાની સંખ્યા હવે વધીને ૬૧ લાખ ૪૫ હજાર થઈ ગઈ છે. તેમાંથી ૯૬,૩૧૮ લોકોનાં મોત નીપજયાં છે. એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૯ લાખ ૪૭ હજાર થઈ ગઈ છે અને ૫૧ લાખ ૧ હજાર લોકો સાજા થઇ ગયા છે. સંક્રમણના એક્ટિવ કેસની સંખ્યાની તુલનામાં સાજા થનાર લોકોની સંખ્યા અંદાજે પાંચ ગણી વધુ છે.

ICMRના મતે ૨૮ સપ્ટેમ્બર સુધીમાં કોરોના વાયરસના કુલ ૭ કરોડ ૩૧ લાખ સેમ્પલ ટેસ્ટ કરાઇ ચૂકયા છે, તેમાંથી ગઈકાલે ૧૧ લાખ સેમ્પલનું ટેસ્ટિંગ ગઇકાલે કર્યું.

રાહતની વાત છે કે મૃત્યુદરમાં સતત ઘટાડો અને એક્ટિવ કેસનો સતત ઘટી રહ્યો છે. મૃત્યુ દર ઘટીને ૧.૫૭% થયો છે. આ સિવાય સારવાર હેઠળ એક્ટિવ કેસનો દર પણ ૧૬%થી નીચે આવી ગયો છે. તેની સાથે જ રિકવરી રેટ ૮૩% પર છે. ભારતમાં રિકવરી રેટ સતત વધી રહ્યો છે.

દેશમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. મહારાષ્ટ્રમાં કોરોના સૌથી વધુ અસરગ્રસ્ત રાજય રહ્યું છે. અહીં અત્યાર સુધીમાં ૧૩ લાખ કેસ નોંધાયા છે. ત્યારબાદ આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક અને ઉત્તર પ્રદેશ આવે છે. આ પાંચ રાજયોમાં સૌથી વધુ સક્રિય કેસ છે. સક્રિય કિસ્સામાં ભારત વિશ્વમાં બીજા નંબર પર છે. કોરોના ચેપની સંખ્યામાં ભારત વિશ્વનો બીજો સૌથી વધુ અસરગ્રસ્ત દેશ છે. મોતના મામલામાં અમેરિકા અને બ્રાઝિલ બાદ ભારતનો નંબર છે.

# દુનિયાના પહેલા હાઈડ્રોજન ઈંધણવાળા પેસેન્જર વિમાને બ્રિટનથી ભરી ઉડાન

*લંડન,તા.૨૯*

હાઈડ્રોજન ઈંધણથી ઉડનારા દુનિયાના પહેલા પેસેન્જર પ્લેને સોમવારે બ્રિટનમાંથી સફળ ટેકઓફ કર્યુ. આ વિમાનને વિમાનન ઉદ્યોગ માટે મોટી ક્રાંતિ તરીકે જોવામાં આવી રહ્યુ છે. વિશેષજ્ઞો અનુસાર આનાથી ના માત્ર વાયુ પ્રદૂષણમાં ઘટાડો થશે, પરંતુ જીવાશ્મ ઈંધણનો વિકલ્પ પણ મળી શકશે. આ વિમાનને બ્રિટિશ એરોસ્પેસ સ્ટાર્ટઅપ કંપની ZeroAvia એ ડિઝાઈન કર્યુ છે. ૬ સીટ વાળા Piper M-ass પેસેન્જર વિમાને લંડનના ઉત્તરી વિસ્તારમાં લગભગ ૫૦ માઈલનું અંતર નક્કી કરવા માટે ક્રેનફીલ્ડ એરપોર્ટથી ઉડાન ભરી. અહીં કંપનીની રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સાઈટ છે. આ પહેલી તક હતી કે જયારે કોઈ વિમાને હાઈડ્રોજન ઈંધણની મદદથી ટેક ઑફ કરવાની સાથે શાનદાર લેન્ડિંગ પણ કર્યુ.

કંપની અનુસાર હાઈડ્રોજન ઈંધણથી ઉડનારા વિમાનનું આ પહેલુ ઉદાહરણ છે. ZeroAvia કંપનીના સીઈઓ વેલ મિફ્તખોવનું કહેવુ છે કે પહેલા પણ કંઈક આ પ્રકારના પ્રયોગ કરવામાં આવ્યા હતા. જેમાં વિમાનોએ હાઈડ્રોજન ઈંધણનો ઉપયોગ કરીને પોતાની ઉડાનને પૂરી કરી છે. વ્યવસાયિક રીતે આ એક પેસેન્જર વિમાનની પહેલી ઉડાન છે.

### રૂપિયો ૭ પૈસા ગગડ્યો

# દિવસભરની વધઘટ બાદ સેન્સેક્સ નજીવા ઘટાડા સાથે બંધ

મુંબઇ,તા.૨૯

દિવસભરની વધઘટ બાદ મંગળવારના અંતિમ સત્રામાં ભારતીય શેરબજાર સ્થિર રહી સેટલ થયા છે. બીએસઈ પર બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૮.૪૧ અંક અથવા ૦.૦૨ ટકાના નજીવા ઘટાડા સાથે ૩૭,૯૭૩ નજીક બંધ આવ્યો. જયારે નિફ્ટી ૫૦ આંક ૫ પોઈન્ટ અથવા ૦.૦૪ ટકા ઘટીને ૧૧,૨૨૨ નજીક બંધ આવ્યો છે. આપને જણાવી દઈએ કે મંગળવારે શરૂઆતી સત્રામાં ભારતીય શેરબજારની ઓપનિંગ પોઝિટિવ રહી હતી.

બેંક નિફ્ટીની વાત કરીએ તો ઈન્ડેક્સ આજે ૨૫૪ પોઈન્ટ અથવા ૧.૧૭ ટકા ગગડીને ૨૧,૪૧૧ નજીક સેટલ થયો છે. જયારે બીએસઈ પર મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૦.૧૬ ટકા અને ૦.૦૧ ટકા ઘટીને બંધ આવ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ આજે લગભગ ૧૧૭૦ સ્ક્રીપ્ટ્સમાં તેજી જયારે ૧૪૦૬ સ્ક્રીપ્ટમાં મંદી નોંધાઈ. જયારે ૧૬૮ શેર્સ ફેરફાર વગર રહ્યા. રૂપિયાની વાત કરીએ તો ડોલર સામે રૂપિયો ૭ પૈસા ગગડીને ૭૩.૮૬ પર બંધ આવ્યો છે. વિવિધ સેક્ટર્સની વાત કરીએ તો આજે બીએસઈ પર હેલ્થકેર, કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ, FMCG, રિયલ્ટી, પાવર, ટેલિકોમ અને ફાઈનાન્સમાં મંદ વલણ જોવા મળ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ બીએસઈ પર માર્કેટ કેપ લગભગ ૧૫૪ લાખ કરોડ રૂપિયા રહી. ગ્લોબલ માર્કેટની વાત કરીએ તો અમેરિકી માર્કેટમાં ડાઉ જોન્સ ૧.૫૧ ટકા, નાસ્કેડ ૧.૯૧ ટકા અને S&P ઈન્ડેક્સ ૧.૬૧ ટકા ઉછળીને બંધ રહ્યા. યુરોપિયન માર્કેટમાં બ્રિટેન, જર્મની, ફ્રાંસ અને રશિયાના શેર માર્કેટમાં શાનદાર તેજી જોવા મળી. જયારે એશિયાઈ માર્કેટમાં શંઘાઈ કંપોઝિટ ૦.૫૨ ટકા વધીને સેટલ થયો. જયારે જાપાનનો નિક્કાઈ ૦.૩૦ ટકા અને હોંગકોંગનો હેંગસેંગ ૦.૫૬ ટકા ઘટીને બંધ આવ્યા.

# રાફેલ સોદામાં કેગે સવાલ ઉઠાવતા સરકારે સંરક્ષણ સોદાઓમાં ઓફિસેટ પોલિસી રદ કરી



### હવે દેશની સરકાર બીજા દેશની સરકાર પાસેથી કોઇ ખરીદી કરે તો ઓફસેટ પોલિસી લાગુ નહિં પડે

*ન્યુ દિલ્હી,તા.૨૯*

ફ્રાન્સ પાસેથી રાફેલ વિમાનો ખરીદવાના સોદામાં ઑફસેટ પોલિસી પૂરી નહીં હોવાનો રિપોર્ટ CAG એ આપ્યો હતો. સરકારે આ રિપોર્ટ મળ્યા બાદ સંરક્ષણ સોદાઓમાં ઑફસેટ પોલિસીજ રદ કરી નાખી. હવે એક દેશની સરકાર બીજા દેશની સરકાર પાસેથી કોઇ ખરીદી કરે તો એમાં ઑફસેટ પોલિસી લાગુ નહીં પડે.

કેન્દ્રના સ્પેશિયસ સેક્રેટરી અપૂર્વ ચંદ્રાએ કહ્યું કે અમે ઑફસેટની બાબતમાં કેટલાક ફેરફાર કર્યા હતા. એક સરકાર બીજી સરકાર પાસેથી ખરીદી કરે કે આંતર સરકારી ખરીદ-વેચાણ થાય તો એમાં ઑફસેટ પોલિસી વચ્ચે નહીં રહે. ઑફસેટ પોલિસીના કારણે અત્યાર સુધી વિદેશી શસ્ત્ર કંપનીઓપાસેથી ટેક્નોલોજી મેળવવામાં અવરોધો ઊભા થતા હતા.

અત્યાર સુધી ઑફસેટ પોલિસી હતી એટલે ફ્રાન્સની જે કંપની પાસેથી રાફેલ વિમાનો ખરીદ્યા એમને માટે ભારતીય ડિફેન્સ સેક્ટરમાં સોદાની કુલ રકમના ત્રીસ ટકા મૂડીરોકાણ કરવાનું ફરજિયાત હતું. રૂપિયા ૫૯,૦૦૦ કરોડના ખર્ચે જે ૩૬ રાફેલ વિમાનો ખરીદ્યા એમાં ઑફસેટ ક્લોઝ ૫૦ ટકા મૂડી રોકાણનો હતો.

કોમ્પ્ટ્રોલર એન્ડ એકાઉન્ટન્ટ જનરલ (CAG)એ સંસદમાં આપેલા રિપોર્ટમાં જણાવાયું હતું કે રાફેલ વિમાનોનો સોદો કર્યો ત્યારે રાફેલની કંપનીએ ડીઆરડીઓને કાવેરી એંજિનની ટેક્નીક આપવાની વાત હતી. ૩૦ ટકા મૂડી રોકાણનો જે ઑફસેટ ક્લોઝ હતો એ ક્લોઝ હેઠળ આ ટેક્નીક ડીઆરડીઓને આપવાની હતી. પરંતુ રાફેલ કંપનીએ એ સમજૂતીનો હજુ સુધી અમલ કર્યો નહોતો.

ભારતની ઑફસેટ પોલિસી મુજબ વિદેશી કંપનીએ સોદાના કરારમાં ૩૦ ટકા હિસ્સો ભારતમાં સંશોધન અથવા ઉપકરણો (કાચી માલસામગ્રી કે પૂર્જા) પાછળ ખર્ચવાના હોય છે. ખાસ કરીને સંરક્ષણને લગતા સોદા માટે આ જોગવાઇ કરવામાં આવી હતી. એને હવે બદલી નાખવામાં આવી હતી. CAGએ પોતાના રિપોર્ટમાં એવો ઉલ્લેખ કર્યો હતો કે છેક ૨૦૧૫થી જયારે રાફેલ વિમાનો માટે સોદો કરવામાં આવ્યો ત્યારથી વિદેશી કંપનીઓએ આ નિયમનું પાલન કર્યુ નથી. જો કે આ જોગવાઇ હેઠળ કરારનું પાલન ન કરનારી વિદેશી કંપનીઓને દંડ કરવાની કે બીજી એવો શિક્ષાત્મક કોઇ જોગવાઇ નથી.

# બાળવાર્તા..નં ૩૨
# કુદરતને બચાવો




પ્રકૃતિના તત્વો કેટલાં??આકાશ,સૂર્ય,ચંદ્ર,તારા,નક્ષત્ર વગેરે આકાશનાં...તો ધરા પર નદી,સરોવર ,દરિયો ,પહાડો,ઝરણાં ..ને પાતાળમાં કેટલાંય ખનિજો..દરિયાઈ ખાવાનું,જળચર પ્રાણી..

એકવાર રાહુલ દાદાજી જોડે દરિયા કિનારે ફરવાં ગયો હતો,ખૂબ બધાં છીપલાં જ છીપલા..કિનારા પર દેખાયા.તેણે બધા વીણી લીધાને પોતાની સાથે લઈ જવા રૂમાલમાં બાંધ્યાં.

દાદાજીએ તેને સમજાવ્યું ,''તુ ઘરે લઈ જઈશ તો એ બધા સૂકાઈને બરડ થઈ તૂટવા લાગશે.''

હવે રાહુલે દાદાજીને પ્રશ્ન કર્યો ,''એવું કેમ?

દાદાજીએ એક સરસ વાત કહી કે,''એકવાર ભગવાને બધાને પોતપોતાના કામ વહેંચી આપ્યા.સૂર્યને તાપ આપવાનું,ચંદ્રને શીતળતા ને દિવસે દિવસે વધઘટ કરી

પૂનમનું અજવાળું પાથરવાનું ને તેની સાથે દરિયા ને નદીની ભરતી ઓટ ની ક્રિયાને બાંધી આપી.નદીને મીઠું પણી આપ્યું ને તેથી લોકોને પીવા ને વાપરવા મળે,દરિયાને ખારું પાણી આપ્યું ને તેમાં ખનિજ મૂકી આપ્યા,જળના પ્રાણી બનાવ્યા કે જેથી જળનો કચરો સાફ થાય,જાત જાતની પરીઓને પણ કામ વહેંચ્યાં ને એક પરીને નાના તૃણને(ઘાસ)ને લીલા રાખવાનું કામ સોંપ્યું.પરીબેનને તો ખોટું લાગ્યું.બધાને સરસ કામને મને નાનું અમથું જ કામ.બધા પોતપોતાના કામ કરે રાખે છે

પણ ધરતીબેન તો સૂકાવા લાગ્યા,બધા ભગવાન પાસે ગયા ને કહ્યું કે રાણીપરી તો તમે આપેલું કામ કરતી નથી ને ધરતીતો સૂકાવા લાગી છે.

ભગવાને રાણીપરીને બોલાવી ને તેને પૂછ્યું કે ,તું તારું કામ કેમ કરતી નથી?

રાણી પરીએ રાવ કરી કે ,''આટલાં નાના તૃણને સાચવી ને શું કામ છે?''

ભગવાને તેને બાજુમાં બેસાડીને પછી એક વાટિકા(બાગ) પાસે નું દ્રશ્ય બતાવ્યું કે એક ભમરી (મધમાખી) આવી ને ફૂલ પર બેઠી ,ડંખ મારી મારીને ફૂલનો રસ પીવા લાગી.ફૂલ પણ દુ:ખી થવા છતાં તેને

રસ પીવા દેતું..થોડીવારમાં મધમાખી ઉડીને મધપૂડામાં મધ મૂકી પાછી આવી,આમ બે ત્રણવાર કર્યુ ને પછી બીજા ફૂલ પર ગઈ.ફૂલ પણ સાંજ સુધી સરસ ખીલેલું રહ્યું.સાંજે તે તેની મહેક ફેલાવી કરમાવા લાગ્યું પણ રહ્યું ત્યાં સુધી બીજાને માટે જીવ્યું.આ જોઈ પરીને વાત સમજાય ગઈ ને તેને શરમ આવી.પોતે ભગવાનનું ચીંધેલું કામ ન કર્યુ તેથી ધરા સૂકાઈ ગઈ..પણ જો મે ઘાસ (તૃણ)ને ન સૂકવવા દીધું હોત તો ધરતી હરીભરી હોત ને ઝાડ પણ ન સૂકાત. હવે તો તે તેના કામને સૌથી મોટું કામ ગણવા લાગી ને કોઈ કામ નાનું મોટું નથી,એ સમજી ગઈ.

“તું પણ તારા અભ્યાસને છોડી જો આ છીપલાં ઘરે

લઈ જઈશ..પછી તેનેદરિયા કિનારા જેવું વાતાવરણ નહિ મળે એટલે તે સૂકાશે ને પછી તૂટી જશે ને તું ફેંકી દેશે..એને બદલે તું રોજ દરિયા પર આવજે ને તેની સાથે રમજે ..તેઓને કિનારા પર જ શોભવા દે..તો. “આમ કહી

દાદાજી તો આગળ ચાલ્યા.

રાહુલ સમજી ગયો કે કુદરતી ચીજોને તેમના કામ અવિરત કરવા દેવા જોઈએ.માછલી જળમાં જ સારી.છીપલાં રેતીમાં જ સારા .સૂર્ય ચંદ્ર તારા આકાશમાં જ શોભે..કોઈ પણ કુદરતી રીતે જ કુદરતને પનપવા દેવી જોઈએ..તેની કાળજી લેવી જોઈએ..તે પ્રાણી કે સી ફૂડ ન ખાઈ જવું જોઈએ.તો જ કુદરતની મહેરબાની રહે.

રાહુલ તો રુમાલમાંથી બધા છીપલાં દરિયામાં રેતીમાં પધરાવી દીધાં ને દરિયા પરકચરું બધું વીણી ચોખ્ખો કરી દીધો.

રાહુલે ઘરે જઈ સરસ પાટિયા પરલખ્યું ,''કુદરતને બચાવો''.

જયશ્રી પટેલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.
# આયોજક - સંચાલન એડમીન ટીમ.

**N. G. No. -- 0032**

પ્રકાર -- કવિતા --અછાંદસ-- પદ્ય
શીર્ષક -- ગુલાબ
શબ્દો વેરાયા ફૂલ ગુલાબ માં,
પાંખડીએ પાંખડીએ શબ્દો ચૂંટાય.
ડાળીએ ડાળીએ અસહ્ય કંટક,
સહન કરે એ પતંગિયા અને ભમરા.
કળી કળી લહેરાય લહેરખીમાં,
ખુશ્બુ ફેલાય વન વન મહી.
ગૂન ગૂન કરતો ભમરો ભમે
પતંગિયાં કરે પમરાટ.....
મહેકું છું હું તારા માટેજ,
ગુલાબી ગુલાબ છે તું.
હું તો એની સુવાસજ છું
સવાર સાંજ હું મહેકું
મીના માંગરોલીયા
અમદાવાદ

---

**NG NO :0015**

વિષય:- દીકરી
પ્રકાર:- ગીત
ઢાળ:- (સાયબો રે ગોવાળિયો મારો..)
દીકરી સૌની લાડકી રે હા દીકરી સૌની લાડકી
વ્હાલની વ્હાલી વેલડી જોને આંગણે મારા શોભતી
દીકરી મીઠી મોરલી રે હા દીકરી મીઠી મોરલી
ટાઢક થાતી રદયે એવી મીઠડી વાણી બોલતી.
દીકરી સુખની છાયડી રે હા દીકરી સુખની છાયડી
પારકી કે'વાતી છતા એ તો દુ:ખમાં સૌના દોડતી.
દીકરી ઘરની શાયબી રે હા દીકરી ઘરની શાયબી
હેતની હેલી પ્રેમની સાથે બારણે ઘરના લાવતી.
દીકરી ટાળે દુખડા રે હા દીકરી ટાળે દુખડા,
અંતને ટાણે દોટ મૂકીને બાપની વારે આવતી.
મેહુલ ત્રિવેદી
ખેરાળી

---

**NG-0011...**

વિષય- દીકરી
પ્રકાર :- મૌલિક રચના
નામ :- પંચાલ મનોજકુમાર રમણલાલ
દીકરી બનીને અવતરવા દે મુજને,
પા પા પગલીથી આંગણું દિપાવવા દે.
દીકરી છું એટલે અળખામણી છું મા?
જન્મતાં પહેલા એક પળ જીવવા દે.
તમારા ઘડપણની લાકડી મને બનવા દે,
મમતા ને પ્રેમના સહારે મને આવવા દે.
ઘરની શાંતિ બની વહાલ કરીશ તમને,
તારા ઘરની તુલસીનો ક્યારો બનવા દે.
આંસુ લુછીશ સુખનો વાયરો બનીને,
દુ:ખ તારું વહોરી લઈ હેત પામવા દે.
દુનિયામાં આવીને માગણી નહીં કરું,
પારકી છું ઘડીભર પોતાની થાવા દે.
'મન' મનોજકુમાર પંચાલ....પાલનપુર

---

**NG NO:0036...**

વિષય : દીકરી
વિભાગ: પદ્ય......દીકરી
લીલી કુંજારે લતા પરિવારની આન આત્મજા,
હાસ્ય છે પવિત્ર તુલસીદલનું પાન આત્મજા.
દીકરી નામનાં પુષ્પથી જીવનબાગ મહેંકાય,
ટહુકો મધુર મધુર ગુંજે મીઠું ગાન આત્મજા.
નાજુક પગલાંની આહટ પાલવડે મેં વીંટી,
મેઘધનુષી રંગે કુદરતનું વરદાન આત્મજા.
બની છે હૈયાનો હાર અને હૈયાતીનું સરનામું,
અદ્કેરાં સન્માને તાજગીભર્યું નામ આત્મજા.
હેતે હેલી,પ્રેમનું ઝરણું,વ્હાલની વર્ષા વરસે,
ઈશ્વરી જ્યોત પ્રગટી પામી માન આત્મજા.
સ્વર્ગ બને રુડું સાસરિયું આશીષ છે અપાર,
પ્રેમની થાપણ કરશે મોંઘેરા પ્રસ્થાન આત્મજા.
અરુણાબેન ત્રિવેદી...વઢવાણસિટી

---

**NG- 0050..**

વિષય ગુલાબ...પ્રકાર - કવિતા
શીષેક દિકરી મારી ગુલાબ.
પેટમાં વાગતી મીઠી મીઠી લાતો ,
એ લાતોમાં પણ તો પ્યાર છે.
તું તો વ્હાલી નાજૂક 'ને કોમળ છે,
તારા દિલડાંના ધબકારા સાંભળવા
વક્ષસ્થળ પર કાન મારા મુકું છું ... !
મારી નાજૂક કોમળ ગુલાબની
કળી હવે ખીલી રહી છે.
કળીમાંથી ખીલતાં ખીલતાં
હવે તું ખીલેલું ગુલાબ થઈ...!
પમરાટ ચારેકોર પાથરતી આજ,
કન્યાવિદાયની હવે થઈ ગઈ સાંજ
જાણીએ છીએ કે આવશે કોઈ ...!
પતંગિયા જેવો એક રાજકુમાર ,
આવીને તને ક્યાંક દૂર લઈ જશે ...!
એ હકિકત જાણવા છતાય
માળીની જેમ અમે કર્યું જતન ....!
કાંટા બનીને અમે કર્યું રક્ષણ
અજનબી માળી આવી લઈ ગયો,
ઘરનો વરંડો સુનો પડી ગયો ...!
સુંવાસ તું આજીવન ફેલાવજે,
લહેરાતા વા' જેમ સોડમની વહાવજે...!
ગુલાબ ની રજ ને વધાવશું,
કડી રૂપી તારી પ્રતિકૃતિ અપનાવશું,
ગુલાબની જેમ જ કોમળ બની રહેજે
પણ અન્યાયની વાત હોય તો
શૂલ બનીને આત્મરક્ષા કરજે
...હોકે...!
રાગીની શુકલ "રાગ"
(મુંબઈ ,કાંદિવલી.)

---

દિકરી મારી દુલારી
દિકરી ઘરનું તેજસ્વી ઉજાસ
દિકરી પ્રસરાવે જિવન પ્રકાશ
સોળ કળાએ ખિલેલું મોહક ફુલ
ભાવ હેત સમજણ નો ભંડાર
દિકરા સમોવડી દીસે અપાર
સ્વભાવે રુપે જાણે પ્રતિકૃતિ
હોંશ તરવરાટ થી હોય ભરી
દિકરો એક કુળનો તારણહાર
દિકરી દિપાવે બે બે પરિવાર
દિકરી માતાની સખી સહેલી
પિતાની વહાલસોયી દુલારી
દાદા દાદી ની આંખની રોશની
ભાઇ તણી રક્ષાબંધન રાખડી
પરિવારની સંબંધ સ્નેહસરિતા
મર્યાદા મૂર્તિ સંસ્કારથી સજેલી
પવિત્રતાની પ્રતિમા પુણ્યશાળી
બલિદાન શિરોમણી છે દિકરી
માત પિતાનો જાણે દિલ શ્વાસ
બને દિકરી પત્નિ માતા સદાય
પરિવારમાં અન્નપુર્ણા સોહાય
"મન" કેનેડા

# સાહિત્ય સરિતા

હું ૫૦ વટાવ્યા પછી... મારા માં આવેલા બદલાવો...

વ્યક્તિનો પૈસો, પાવર અને પોઝિશન થી હવે અંજાતો નથી. વ્યક્તિના વિચાર, વાણી અને વર્તનથી ખેંચાતો થયો છું.

ખુદના માટે સમય કાઢું છું. સ્વીકારી લીધું છે કે દુનિયા મારા ખભા પર ટકી નથી. મારા વગર કંઈ અટકી પડવાનું નથી. મારા પરિવાર સાથે ખુદને પણ પ્રેમ કરવા લાગ્યો છું.

નાના વેપારીઓ અને ફેરિયાઓ સાથે ભાવતાલ કરવાનું બંધ કર્યું છે. ક્યારેક ખબર હોય કે છેતરાવ છું તો પણ હસ્તે મોઢે જતું કરું છું.ભંગાર વીણવા નીકળતા લોકોને પસ્તી કે ખાલી તેલનો ડબ્બો એમજ આપી દઉં છું, પચીસ પચાસ રૂપિયા જતા કરું ત્યારે એના ચેહરા પર લાખો મળી ગયાનો આનંદ જોઈ ખુશ થાઉં છું.

રોડ પર પાથરણું પાથરી વેપાર કરતા વ્યક્તિ પાસેથી ક્યારેક નકામી વસ્તુ પણ ખરીદી લઉં છું. એમનો વેપાર કરવાનો ઉત્સાહ વધતો જોઈ આનંદ થાય છે.

કોઈ ધાર્મિક સ્થળે દાન આપી પોતાના નામની તકતી મરાવવા કરતાં નાના બાળકોને જમાડવા કે મદદ કરવી અને અબોલ પશુ પક્ષીઓ માટે દાણા પાણીની વ્યવસ્થા કરવામાં વધારે ખુશી મળે છે.

વડીલો અને બાળકોની એકની એક વાત કેટલીયે વાર સાંભળી લઉં છું. કહેવાનું બંધ કરી દીધું છે કે તેઓ એ વાત ઘણી વાર કહી ચુક્યા છે.ખ્યાલ હોય કે વ્યક્તિ ખોટો છે તો એકાદ વાર સમજાવું પણ વારંવાર એની ભૂલ સુધારવાનું બંધ કરી દીધું છે. દરેકને ખોટું ન કરતા અટકાવવાનો ઠેકો નથી લીધો. ખોટા વ્યક્તિ સાથે દલીલો કરવા કરતા માનસિક સ્વસ્થ રહેવું પસંદ છે.

સારા કામ કે વિચારોની મુક્તપણે પ્રશંસા કરું છું. આ ટેવ સકારાત્મક છે. વખાણ્યા બાદ મને પણ આનંદ મળે છે.


બ્રાન્ડેડ કપડાં, મોબાઈલ કે બીજી કોઈ બ્રાન્ડેડ વસ્તુ થકી વ્યક્તિત્વ આંકવાનું મૂકી દીધું છે. વ્યક્તિત્વ વિચારોથી નિખરે છે બ્રાન્ડેડ વસ્તુઓ થી નહી એ સમજાય ગયું છે.

હું એવા લોકોથી અંતર જાળવું છું જેઓ પોતાની કુટેવો મારા પર થોપવાના પ્રયત્નો કરે છે. એને સુધારવાનો પ્રયત્ન હવે નથી કરતો કારણકે ઘણાં એ કરી ચૂક્યા હોય છે.

જીંદગીની દોડમાં પાછળ રાખી દેવા જ્યારે કોઈ મેલી રાજરમત રમે છે ત્યારે હું શાંત રહી તેને રસ્તો આપી દઉં છું. આખરે, ના તો હું જિંદગીની હરીફાઈમાં છું, ના તો મારો કોઈ હરીફ છે. હરિફાઈ ખુદ સાથે ખુદને કંડારવાની છે.લાગણીઓની અભિવ્યક્તિ કરતા ક્યારેય શરમાવું નહી એ શીખી લીધું છે. એ લાગણીઓને દાબી રાખી મારી નાખવા કરતાં અભિવ્યક્તિ સરળ છે.

હુસાતુસી માં સંબંધો તોડવા કરતાં થોડો સમય આપતા શીખી ગયો છું. મોટેભાગે સમય સાથે સબંધોમાં પડેલી તિરાડ પૂરાઈ જતી જોઈ છે.હું એજ કરું છું જેનાથી મને આનંદ આવે. લોકો શું વિચારશે કે કહેશે તેની ચિંતા લોકો ઉપર છોડી દીધી છે. ચાર લોકોને ખુશ રાખવા મારું મન મારવાનું છોડી દીધું છે.ફાઈવ્ સ્ટાર હોટેલમાં રહેવા કરતાં પ્રકૃતિ નજીક જવું ગમે છે. જંક અને થાઈ ફૂડ કરતાં માખણ અને બાજરાના રોટલા માં સંતોષ થાય છે.પોતાના પર હજારો રૂપિયા વાપરવા કરતાં કોઈ જરૂરિયાતમંદ ના હાથમાં પાંચસો હજાર આપવાનો આનંદ માણી લેતાં શીખ્યો છું.કટ્ટરતા કરતાં તર્કસંગતતા ગમવા લાગી છે. ખોટા પાસે સાચું સાબિત કરવા કરતાં મૌન રહેવાનું પસંદ કરવા લાગ્યો છું. બોલવા કરતાં વાંચવા લાગ્યો છું. ખુદને પ્રેમ કરવા લાગ્યો છું.

# 'સત્યાગ્રહી પરિવાર' દ્વારા આયોજીત બીજી ગાંધી સ્મૃતિ સંસ્થાન સફર




'સત્યાગ્રહી પરિવાર' દ્વારા આયોજીત બીજી ઓક્ટોબર, શુક્રવાર, ૨૦૨૦, ગાંધીજયંતિના દીવસે ગાંધી સંસ્થાન સ્મરણ સફર સવારે ૧૦.૩૦ વાગે, કોચરબ આશ્રમ, પાલડી, અમદાવાદ થી સાબરમતી આશ્રમ, વાડજ, અમદાવાદ સુધીની પ્રાર્થનામય સફરમાં જરૂર ભાગ લો...

પ્રાર્થનાનો વિષય :

(૧) શાસકોના હદયમાં ઉદ્યોગપતિઓના બદલે ખેડૂત- મજૂર- કારીગર- નાના વ્યાવસાયિક વર્ગ માટે કરૂણા પ્રગટ થાય...

(૨) પ્રત્યેક ભારતીય વસ્તુઓના ઉત્પાદન- ખરીદ- વેચાણ સમયે સ્વદેશીનો આગ્રહી બને...

(૩) વર્તમાન શાસકો ભારતના અણમોલ રત્નો સમાન સરકારી એકમોની થઇ રહેલી વેચાણ પ્રક્રિયા આત્માના અવાજ થકી અટકાવે...

આ બિનરાજકીય સત્યાગ્રહ કોઇના પ્રત્યે રાગ - દ્વેષ - કટુતા - ઈર્ષ્યા - નિંદા - ટીકા - વિરોધ કે સૂત્રોચ્ચાર વિના

અજાણે ભૂલ કરનારાઓને સત્યની અનુભૂતિ કરાવવા ક્ષમા અને કરૂણામય ભાવ સહ પ્રાર્થના કરી હદય પરીવર્તન કરાવવાનો અમારો આ સામૂહિક પ્રયાસ છે...

આ અનોખા સત્યાગ્રહમાં અમારી સાથે જોડાવા આપ સૌને હદયભીનું નિમંત્રણ છે...

ઉપરોકત ત્રણેય બાબતો અંગે સત્તાધીશોના હદય પરિવર્તિત થાય અને પ્રત્યેક નાગરીક પોતાના હકો, અધિકારો અને કર્તવ્યો માટે જાગૃત થાય એવાં શૂભાશ્રયથી પ્રાર્થનાનો પ્રારંભ કોચરબ આશ્રમ, સવારે ૧૧.૦૦ કલાકે કરીશુ...

ત્યારબાદ -
એમજે લાઈબ્રેરી -
ગુજરસાહિત્યપરીષદ -
ગાંધીસ્ટેચ્યુ - નવજીવન પ્રેસ -
ગુજરાત વિદ્યાપીઠ - ખાદીવણાટ કેન્દ્ર - ઈમામ મંઝિલ થઈ સાબરમતી આશ્રમ ખાતે, બપોરે ૧.૩૦ સુધીમાં પ્રાર્થનામય સફર પરિપૂર્ણ કરીશુ...

લગભગ ત્રણ કલાકનો સમય થશે...

આયોજક : 'અનોખા સત્યાગ્રહી પરિવાર' વતી, સત્યાગ્રહી નિમિષશાહ...

અગત્યની નોંધ : કોવિડ૧૯ને અનુલક્ષી સરકારી માર્ગદર્શિકા મુજબ માસ્ક - દો ગજ કી દૂરી - સેનેટાઇઝ પ્રક્રિયાનું કાયદા મુજબ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે...

# દૂર કરો એકલતા, સાસરીમાં કરો સગવડતા

મેધા પંડ્યા ભટ્ટ

સાસરું એ યુવતીઓ માટે તદ્દન નવું સ્થળ અને નવા વાતાવરણવાળી જગ્યા હોય છે. અહીં તેને કૌટુંબિક જવાબદારીઓ નિભાવવાની હોય છે. જ્યારે લગ્ન પહેલાં તે પોતાના માતા-પિતાને ત્યા જે રીતે રહેતી હતી, તેની તે રોજિંદી જિંદગી બિલકુલ અલગ જ હતી.. તેનો મોટા ભાગનો સમય કોલેજમાં પસાર થતો હોય છે, તેમજ ઘરમાં પણ તે અભ્યાસમાં જ વ્યસ્ત રહેતી હોય છે. બહેનપણીઓનો સાથ હોય છે. સાસરામાં જઈને શરૂઆતમાં તેની વ્યવસ્તતાનું પહેલું સ્થળ રસોડું જ હોય છે, ત્યારબાદ તેને ખાલીપો લાગતો હોય છે. દિવસના સમય દરમિયાન બાકીનાં સભ્યો શાળા, કોલેજ, ઓફિસ અથવા પોતપોતાનાં કામ પર ચાલ્યાં જતાં હોય છે. ઘરમાં બાકી રહી જાય છે સાસુ અને વહુ.

નવું વાતાવરણ અને ઘર હોય એટલે શું કરવું અને ન કરવું તે સતત વિચાર આવતો રહે છે. તેવામાં એકલતા ચિંતા અને નિરાશાને જન્મ આપે છે એટલા માટે નવા વાતાવરણમાં પણ વ્યસ્ત રહેવાના પ્રયત્ન કરવો જોઈએ. રચનાત્મક કાર્યો એકલતાને દૂર રાખે છે. ભણેલીગણેલી વહુઓની પાસે વ્યસ્ત રહેવા માટેનાં અનેક સાધનો હોય છે. ઘરે બેસીને ટ્યૂશન કરી શકે, સારાં પુસ્તકો વાંચી શકે, નાના-મોટા મહત્વના કોર્સ કરીને, સિલાઈકામ, ભરતકામ અથવા બુટીક ખોલીને પણ સરળતાથી સમય કાઢી શકાય છે. જો અભ્યાસ અધૂરો રહી ગયો હોય તો તે પણ પૂર્ણ કરી શકાય છે. નોકરી કરતી યુવતીઓને લગ્ન પછી એકલતાનો સામનો કરવો પડતો નથી. બહાર નીકળવાથી વાતાવરણ બદલાઈ જતું હોય છે અને જીવનમાં એકલતા આવતી નથી, જેથી માનસિક તેમજ શારીરિક ચુસ્તતા જળવાઈ રહેતી હોય છે. વ્યસ્ત મહિલાઓની સાથે એક સારી ઘટના એ ઘટતી હોય છે કે કૌટુંબિક ઝઘડામાં ભાગીદાર બનવાની તક ઓછી રહે છે. વ્યસ્તતા માટે નોકરી જરૂરી નથી. તમારે લાયક ઘણાં બધાં કામ શોધી શકાય છે. સક્રિય મગજ ક્રિયાશીલતાને બળ આપે છે.જો તમને એકલતા ખૂંચતી હોય તો વારંવાર એ વાત વિચારીને દુ:ખી ન બનશો. કારણ કે તે બાકી રહેલા ઉત્સાહનો પણ નાશ કરી દે છે. એકલતાનું કારણ ગમે તે હોય, તેના વિશે વિચારને બદલે તેનું સમાધાન શોધો. સંગીત એકલતા માટેનો ખૂબ જ સારો સાથી છે. મધુર સંગીત સાંભળવાથી, ગાવાથી કે વગાડવાથી મનની તાણ દૂર થાય છે. જો તમને તેમાં રસ હોય તો આ ઉંમરમાં પણ સંગીતનું શિક્ષણ લઈ શકો છો. અનુકૂળતા મુજબ સમયની પસંદગી કરી શકાય છે. તે સિવાય તમારા રોજિંદાં કાર્યોમાં રેડિયો તેમજ ટીવીના પસંદગીના કાર્યક્રમોનો સમાવેશ કરી શકો છો.

કૌટુંબિક કારણોસર અથવા તમારી પોતાની ઈચ્છાથી જો તમે નોકરી કરવા ન ઈચ્છતા હો તો વ્યસ્ત રહેવા માટે પાડોશીને ત્યાં જઈ સમાચારોનું આદાનપ્રદાન ક્યારેય ન કરશો. તેના બદલે સારા સ્તરનાં મહિલાપ્રધાન સામયિકોને તમારાં સાથી બનાવો. આ સામયિકો દ્વારા તમને ઘરે બેઠાં કંઈક કરવાની પ્રેરણા મળશે. સિલાઈ, ભરતકામ, ગૂંથણ તેમજ વાનગીઓ શીખવા પાછળ તમે બહાર આટલા પૈસા ખર્ચો છો તેના બદલે તેને ઘરમાં જ શીખવાનો પ્રયત્ન કરો. જેથી તમારા સમયનો પણ સદુપયોગ થશે અને પૈસાની પણ બચત થશે.



બાહ્ય દુનિયા સાથે સંપર્ક જાળવી રાખવાનું સૌથી શ્રેષ્ઠ માધ્યમ છાપું છે. દિવસમાં નવરા પડો ત્યારે છાપું વાંચવાની ટેવ પાડો. તેમાં સમાચાર અને જ્ઞાનવિજ્ઞાન ઉપરાંત મહિલાઓ સંબંધિત વિષયો પરની ઢગલાબંધ જાણકારી મળશે. સરકાર તરફથી મહિલાઓ માટે અનેક નિ:શુલ્ક અભ્યાસક્રમો અને તાલીમકેન્દ્રો ચલાવવામાં આવતાં હોય છે, જેની જાણકારીના અભાવે મહિલાઓ તેનો લાભ ઉઠાવી શકતી નથી. તમે ઓછા બજેટમાં સરકારી સહાયતાથી કુટીર ઉદ્યોગનાં માધ્યમ વડે પૈસા અને નામ બંને પ્રાપ્ત કરી શકો છો.

હા, એટલું અવશ્ય ધ્યાનમાં રાખો કે લગ્ન પછી તરત જ સાસરિયાંમાં તમારી પસંદગીનું ક્ષેત્ર પસંદ કરી વ્યસ્ત થઈ જવું શક્ય નથી હોતું. ઘરની વહુ પાસે ઘરના બધા જ સભ્યોને થોડીઘણી અપેક્ષાઓ રહેલી હોય છે. જો દહેજની લેવડદેવડ, પ્રેમલગ્ન અથવા આંતરજ્ઞાતીય વિવાહને લીધે ઘરનું વાતાવરણ તંગ હોય ત્યારે આ કામ વધુ મુશ્કેલ થઈ પડે છે. આટલા તંગ વાતાવરણમાં રચનાત્મક અથવા કલાત્મક કાર્ય કરવું શક્ય પણ હોતું નથી. તેથી થોડો સમય સુધી તમારી ઈચ્છાઓને રોકીને બધાં કૌટુંબિક સભ્યોને ઓળખીને સમજવાની કોશિશ કરો. જો તેમને સમજી લેશો તો તમારા માટે રસ્તો કાઢવો સરળ બની જશે.

નવરાશના સમયનો સદુપયોગ કરતી વખતે એટલું અવશ્ય ધ્યાનમાં રાખો કે તમારી વ્યસ્તતા બીજાઓને માટે અડચણરૂપ ન બની જાય, તેનાથી કોઈનું પણ નુકસાન ન થાય. તમારો ઉદ્દેશ માત્ર રચનાત્મકતા છે, કોઈની પરેશાની બનવાનો નથી. ઘરની બહાર નીકળવા ઈચ્છતા હો તો તમે તમારા શિક્ષણ અનુસાર નોકરીની પસંદગી કરી શકો છો. ફૂલટાઈમ નોકરી ન કરી શકતા હો તો પાર્ટટાઈમ નોકરીની પસંદગી કરો. આર્થિક આત્મનિર્ભરતા મનમાં આત્મવિશ્વાસ જગાડે છે. સંયુક્ત કુટુંબમાં હિસાબકિતાબની જવાબદારી મોટે ભાગે વૃદ્ધ વડીલોના હાથમાં હોય છે, જ્યારે તેમની પાસેથી પૈસા મળવામાં મુશ્કેલી આવે અથવા આર્થિક તંગીની સ્થિતિ હોય તેવા સંજોગોમાં વહુને પોતાની નોકરીનું મહત્વ સમજાય છે. જો તે પોતે કમાતી હોય તો પોતાની જરૂરિયાતો પૂરી કરી શકે છે તેમજ ઘરના ખર્ચામાં પણ સહયોગ આપી શકે છે. એકલતા દૂર કરવામાં પતિની ભૂમિકા પણ ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. તે આખો દિવસ કામ છોડીને ઘરમાં જ બેસી રહે એ સંભવ નથી, પરંતુ કુટુંબમાં પત્ની તેમજ અન્ય સભ્યોની વચ્ચે સંપર્ક સૂત્રનું કામ પતિ સિવાય અન્ય કોઈ સારી રીતે કરી શકે નહી. વહુને મળતો સહયોગ મોટે ભાગે એ વાત પર આધાર રાખતો હોય છે કે તેના પતિની સ્થિતિ કેવી છે. જો પતિના વિચારોની કદર નહી થતી હોય તો પત્નીની સાથે પણ તેવો જ વ્યવહાર થશે અને સ્વાભાવિક છે કે તે અલગ પડી જશે. એટલા માટે સાસરીમાં વ્યસ્ત રહેવાનાં પગલાં સાચવીને ભરવાં હિતાવહ છે.

# ફોટો ગેલેરી



### કેશોદ શહેરમાં સરકારી આર્યુવેદિક હોસ્પિટલ ફાળવવામાં આવે તો લોકોને મળે લાભ..

# કેશોદના શરદચોક માં ચાલતી હતી સરકારી આર્યુવેદિક હોસ્પિટલ અચાનક બંધ કરવાનું રહસ્ય અકબંધ




કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

આપણી પૌરાણિક સંસ્કૃતિ વેદો ઉપનિષદો અને પુરાણો આધારિત હોય ત્યારે ચરક સંહિતામાં દર્શાવ્યાં મુજબ ઉપચાર વનસ્પતિ અને અન્ય વસ્તુઓ નો ઉપયોગ કરવામાં આવતો હતો. આજનાં આધુનિક ઝડપી યુગમાં લોકોને ત્વરિત પરિણામ ની લાલશા જાગતાં વિલાયતી દવાઓ તરફ લગાવ વધવાથી પૌરાણિક આર્યુવેદિક ઉપચાર ક્ષીણ થવાનાં આરે પહોંચી ગયો છે. વિલાયતી દવાઓ ની આડઅસરો નજરે પડતાં અને જન્મજાત વારસાઈ રોગ અને વિલાયતી સારવાર આર્થિક રીતે મોંઘી બનતાં છેલ્લાં પાંચેક વર્ષથી લોકો આર્યુવેદિક ઉપચાર તરફ ઢળ્યા છે અને સરકાર દ્વારા આર્યુવેદિક ઉત્પાદન વધારવા જુદી-જુદી રાહતો અને સહાય આપવાની શરૂ કરી છે. કેશોદ શહેરમાં આવેલા શરદચોક વિસ્તારમાં નગરપાલિકા નાં બીલ્ડીગ માં સરકારી આર્યુવેદિક હોસ્પિટલ વર્ષોથી ચાલી રહી હતી જે ડૉક્ટરો કર્મચારીઓ વયમર્યાદા ને કારણે નિવૃત્ત થતાં અચાનકજ બંધ કરી દેવામાં આવી હતી. વર્તમાન સમયમાં કેશોદ તાલુકા અને શહેરી વિસ્તારનાં રહીશો આર્યુવેદિક ઉપચાર કરવા ઈચ્છે તો માત્ર એકજ અગતરાય ગામે સરકારી આર્યુવેદિક હોસ્પિટલ આવેલી છે.

જનસંખ્યા ની દ્રષ્ટીએ કેશોદ શહેરમાં સરકારી આર્યુવેદિક હોસ્પિટલ ઉપલબ્ધ કરાવવામાં આવે તો શહેરીજનો ને અગતરાય આવવા જવા નાં ધક્કા અટકી જાય તેમજ સ્થાનિક કક્ષાએ આરોગ્યલક્ષી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તો કેશોદ શહેર-તાલુકા ઉપરાંત આસપાસના અન્ય તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારના રહીશો પણ આર્યુવેદિક ઉપચાર કરાવી શકે તેમ છે. હાલમાં કાર્યરત સરકારી આર્યુવેદિક હોસ્પિટલ અગતરાય માં રોજીંદા પાંત્રીસેક દર્દીઓ સારવાર મેળવે છે જેમાં અડધાથી વધારે લોકો કેશોદ શહેરના અને તાલુકાના હોય છે. કેશોદ શહેરમાં એક સામુહિક આરોગ્ય કેન્દ્ર અને ચાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ અર્બન હેલ્થ સેન્ટર કાર્યરત છે જેમાં હજારોની સંખ્યામાં લોકો સારવાર મેળવે છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા કેશોદ શહેરમાં બંધ પડેલું સરકારી આર્યુવેદિક હોસ્પિટલ ફરીથી શરૂ કરવામાં આવશે તો આવનારાં દિવસોમાં કેશોદ શહેરમાં વસતાં શહેરીજનો ને આર્યુવેદિક ઉપચાર ની સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકશે. ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલી આર્યુવેદિક ઉપચાર પધ્ધતિ હેઠળની આર્યુવેદિક હોસ્પિટલ કેશોદ શહેરમાં શરૂ કરવામાં ચુંટાયેલા પ્રતિનિધિઓ આગેવાનો સરકારમાં રજૂઆત કરી ફરીથી બંધ થયેલી આર્યુવેદિક હોસ્પિટલ શરૂ કરાવવામાં કેટલાં અંશે સફળ થાય છે એ તો આવનારાં દિવસોમાં ખબર પડશે.

હાલમાં કોરોના મહામારી કાબુમાં લેવા માટે આર્યુવેદિક ઉપચાર જ અસરકારક રહ્યો છે ત્યારે કેશોદ શહેર-તાલુકા માં માત્ર એકજ અગતરાય ગામે સરકારી આર્યુવેદિક હોસ્પિટલ આવેલી હોય ત્યારે રાજ્ય સરકાર દ્વારા કેશોદ શહેર-તાલુકા માં રહિશો સુધી આર્યુવેદિક ઉકાળા કે રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટેની જડીબુટ્ટીઓ પહોંચતી કરવામાં અડચણો આવેલી હતી ત્યારે કેશોદ શહેરમાં વધું એક સરકારી આર્યુવેદિક હોસ્પિટલ શરૂ કરવામાં આવશે તો ઘણી નાની મોટી અડચણો દૂર થશે અને વધું ને વધું લોકો આર્યુવેદિક ઉપચાર નો લાભ મેળવીને તંદુરસ્તી અને સ્વસ્થતા જાળવી શકશે.




તા. ૨૮.૯.૨૦૨૦ ના રોજ અમદાવાદ ખાતે હમરાહી ફાઉન્ડેશન દ્વારા સંસ્થા ના પ્રમુખ રાહી રાઠોર, કશીશ રાઠોર દ્વારા કોરોના બીમારી ની મહામારી માં જે પ્રજાલક્ષી સેવા આપી તેવા પોલીસ અધિકારી, ડોકટર, મીડિયા, સામાજિક સેવા, સફાઈ કર્મચારી નુ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. સલીમભાઈ કુરેશી, રિઝવાન આંબલીયા, પ્રદિપ ત્રિવેદી, જયેશ પ્રજાપતિ, હિમાંશુ વોરા, દિલીપ દરજી, ગૌરાંગ ઠક્કર તથા નજીર મનસુરી હાજરી આપી હતી.(રિઝવાન આંબલીયા)

# કેશોદ તાલુકાના મઘરવાડા ગામે યુવાને કુવામાં પડી મોતને વહાલું કર્યું

## જુનાગઢ એલસીબી પોલીસે તપાસમાં ઢોરમાર માર્યો હોવાનો પરિવારજનો નો આક્ષેપ પોલીસકર્મીને સસ્પેન્ડ કરવા માંગ.

કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

કેશોદ તાલુકાના મઘરવાડા ગામે રહેતા યુવાન નવનીતભાઈ લાખાભાઈ હેરભા ઉ.વ.૨૫ એ ગામમાં આવેલાં પાતાળ કુવામાં કુદકો લગાવી મોતને વહાલું કર્યું છે. કેશોદ તાલુકાના નાનકડાં એવાં મઘરવાડા ગામે સમાચાર પ્રસરી જતાં ગામનાં આગેવાનો અને ગામવાસીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં. મૃતક નવનીતભાઈ લાખાભાઈ હેરભા નાં પરિવારજનો એ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે જુનાગઢ એલસીબી પોલીસ અમારાં ગામનાં દશેક યુવાનો ને ગુનાની તપાસ સબબ છેલ્લાં એક સપ્તાહ થી લઈ જતાં હતાં અને ઢોરમાર મારી છોડી મુકતાં હતાં. જુનાગઢ એલસીબી પોલીસે ઢોરમાર મારતાં કંટાળી મોતને વહાલું કર્યું હોવાનું પરિવારજનો એ જણાવ્યું છે. કેશોદ તાલુકાના મઘરવાડા ગામનાં



આગેવાનો અને ગ્રામ્યજનો દ્વારા એવી માંગ કરવામાં આવી છે કે જ્યાં સુધી જુનાગઢ એલસીબી નાં પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં નહીં આવે ત્યાં સુધી મૃતદેહ સંભાળવામાં નહીં આવે. કેશોદ સરકારી દવાખાને યુવાનનો મૃતદેહ લાવવામાં આવતાં ટોળે ટોળા ઉમટી પડ્યા હતાં. કેશોદ તાલુકાના મઘરવાડા ગામનાં અન્ય યુવાનો ને જુનાગઢ એલસીબી પોલીસે ઢોરમાર માર્યો છે એવાં પાંચેક યુવાનો કેશોદ સરકારી દવાખાનામાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે અને તેઓ દ્વારા જુનાગઢ એલસીબી પોલીસકર્મીઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવે એવી માંગ કરી છે.

મૃતક નવનીતભાઈ લાખાભાઈ હેરભા નાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જામનગર ખાતે ખસેડવામાં આવશે એવું સુત્રોએ જણાવ્યું છે. કેશોદ સરકારી દવાખાને કોઈ અગમ્ય ઘટના બને નહીં એ માટે કેશોદ ડીવાયએસપી, પોલીસ નાં કાફલા સહિત જુનાગઢ પોલીસ ખડકી દેવામાં આવી છે. કેશોદ સરકારી દવાખાને મઘરવાડા ગામનાં ગ્રામ્યજનો અડગ રહેતાં રાજકીય આગેવાનો ની હડીયાપટ્ટી વધી ગઈ હતી. કેશોદ તાલુકાના મઘરવાડા ગામે શોકનું મોજું ફરી વળ્યું છે.

# એશિયા ની સૌથી મોટી ડેરી બનાસડેરી માં સત્તાના જંગ પૂર્વે ૯ દિગ્ગજો બિનહરીફ થઈ શકે તેવી શક્યતા

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત




કોરોના મહામારી વચ્ચે આજે બનાસ ડેરીની ચૂંટણી માટે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હતો. ડેરીમાં સત્તાના જંગ પૂર્વે ૧૬ ડીરેક્ટરોની ચૂંટણીમાં ૯ બેઠકો બિનહરીફ જાહેર થઇ શકે તેવી સ્થિતિ બની છે. જેમાં દાંતા, અમીરગઢ, દાંતીવાડા, ધાનેરા, વાવ, રાધનપુર, સુઈગામ અને લાખણી બેઠક પર એક-એક ફોર્મ ભરાતાં બિનહરીફ જાહેર થઇ શકે છે. આ તરફ સાંતલપુરમાં બંને પતિ-પત્નિએ જ ફોર્મ ભર્યુ હોવાથી તે સીટ પણ બિનહરીફ જાહેર થઇ શકે છે.

ઉત્તર ગુજરાતની બનાસ ડેરીમાં આજે ૧૬ ડીરેક્ટરોની ચૂંટણીના છેલ્લા દિવસે ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. આ ચૂંટણીમાં રાધનપુર બેઠકથી ગુજરાત સરકારના પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરી, થરાદ બેઠકથી બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલ, પાલનપુર બેઠકથી પરથીભાઈ ભટોળ અને ડીસા બેઠક પરથી માવજી દેસાઈ ફોર્મ ભર્યુ છે.

સૂત્રોએ જણાવ્યુ હતુ કે, બનાસ ડેરીના સંચાલક મંડળની ચૂંટણીમાં દિયોદર વિભાગમાંથી પણ ત્રણ ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેમાં પટેલ જયંતીભાઈ તેજાભાઈ (સોની), પટેલ રમેશભાઈ ઉજાભાઈ સરદારપુરા(જ) અને પટેલ ઈશ્વરભાઈ તેજાભાઈ (ગાંગોલ)એ ઉમેદવારી નોંધાવી છે. આ તરફ દાંતા, દાંતીવાડા, વાવ, લાખણી, રાધનપુર, સુઈગામ, અમીરગઢ, ધાનેરા સહિતની ૯ બેઠકો ઉપર માત્ર એક ફોર્મ ભરાતાં બિનહરીફ જાહેર થાય તેવી શકયતા સેવાઈ રહી છે.

# માઝુમ નદીના કિનારે ઝાડ નીચે જુગારની હારજીતની બાજી લગાવી બેઠેલ ૬ શકુનિઓને દબોચતી મોડાસા ટાઉન પોલીસ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં નવનિયુક્ત એસપી સંજય ખરાતના આગમન પછી અસામાજીક પ્રવૃતિઓ પર જીલ્લા પોલીસતંત્રે કમરકસી છે મોડાસા શહેર સહીત જીલ્લામાં જુગાર,વરલી-મટકા અને દારૂની બદીમાં અનેક પરિવારો બરબાદીના ગર્તામાં ધકેલાઈ ગયા છે મોડાસા ટાઉન પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે રાણાસૈયદ ત્રણ રસ્તા પાસે માઝુમ નદીના કોતરમાં ઝાડ નીચે જુગાર રમાતો હોવાની બાતમી મળતા રેડ કરતા હારજીતની બાજી લગાવી બેઠેલા જુગારીઓમાં દોડધામ મચી હતી ટાઉન પોલીસે ૫ હજારથી વધુની રોકડ જપ્ત કરી ૬ શકુનિઓને ઝડપી લીધા હતા બે જુગારીઓ પોલીસને થાપ આપી ફરાર થઈ જતા મોડાસા ટાઉન પોલીસે ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસાના રાણાસૈયદ વિસ્તાર નજીક પસાર થતી માઝુમ નદીની કોતરોમા અનેક અનૈતિક પ્રવૃતિઓ ધમધમી રહી છે રાણાસૈયદ ત્રણ રસ્તા નજીક પસાર થતી માઝુમ નદીના ઝાડી-ઝાંખરામાં ખુલ્લેઆમ જુગાર અને વરલી-મટકા અને નશાનો વેપાર થતા સાંજ પડતાની સાથે લોકોની આ વિસ્તારમાં ભારે અવર-જવર જોવા મળતી હોય છે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પી આઈ વાઘેલા અને તેમની ટીમે બાતમીના આધારે હારજીતનો જુગાર રમતા ૧)સમીર ઉર્ફે ચાંદી મન્સુર ભાઈ મલેક,૨)મકસુદ ઉર્ફે મકસુદા જુલ્ફીકાર મનવા,૩)આબીદહુસેન રજજાક ભાઈ કાજી,૪)સહાદતહુસેન કાસમભાઈ દાદુ,૫)આરીફ મસાકભાઈ શેખ,૬)જાવેદહુસેન ઉર્ફે લાલાજી મુસ્તુફાભાઈ સુથાર ને ઝડપી પાડી હારજીતની બાજીમાં લગાવેલ રોકડ રકમ રૂ.૫૦૫૦/- જપ્ત કરી જુગારરેડ જોઈ ફરાર ૧)રફીક બુલા અને ૨)બાબુ ઉર્ફે બબુ પઠાણ વિરુદ્ધ જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી બંને આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

### પડતર માંગ સાથે અરવલ્લી ડીડીઓને આવેદનપત્ર

# મગફળી રજીસ્ટ્રેશન પહેલા ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા VCE કર્મચારીઓનું સરકારનું નાક દબાવવાનો પ્રયત્ન



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્યની ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા VCE તરીકે ફરજ બજાવતા કર્મચારીઓએ ટેકાના ભાવે મગફળી રજીસ્ટ્રેશન શરુ થવાના ગણતરીના દિવસો પહેલા તેમની પડતર માંગણીઓને લઈને ૧ ઓક્ટોમ્બર થી ગ્રામ પંચાયતોમાં કામગીરીથી અળગા રહેવાની ચીમકી ઉચ્ચારી છે હાલમાં ચાલી રહેલ કોરોનાની મહામારીમાં ટેકાના ભાવે મગફળી વેચવા રજીસ્ટ્રેશન કરાવવા ભારે ધસારો રહેવાના પગલે વીસીઈ કર્મચારીઓ કોરોનાગ્રસ્ત થવાની રહેલી સંભાવનાના પગલે વીમા કવચ આપવાની માંગ પણ કરી અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી

અરવલ્લી જીલ્લાની ગ્રામ પંચાયતોમાં વર્ષોથી વીસીઇ તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ પગાર વગર છેલ્લા ૧૪ વર્ષથી કમિશન પર કામ કરી રહ્યા છે સરકારે વીસીઇ કર્મચારીઓના પગાર ધોરણ નક્કી કરવામાં આવેની વારંવાર રજુઆત કરવા છતાં યોગ્ય નિર્ણય લેવાયો નથી જેથી અરવલ્લી જિલ્લામાં મગફળીના રજિસ્ટ્રેશન પહેલા ગ્રામ પંચાયતના કૉમ્પ્યુટર ઑપરટર દ્વારા કામગિરીનો બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. જિલ્લાના પંચાયત કૉમ્પ્યુટર ઑપરેટર મંડળની માંગ છે કે, કૉરોના મહામારીમાં તેમને વીમા કવચ પુરી પાડવામાં આવે, સાથે જ કમિશન પ્રથા બંધ કરી પગાર ધોરણ નક્કી કરવો તેમજ અગાઉનું પીએમ કિસાન, કૃષિ સહાય, જન્મ-મરણ સહિતની એન્ટ્રીનું ચુકવણું તાત્કાલિક કરવામાં આવે. આ ત્રણ માંગને લઈને અરવલ્લી જિલ્લા અધિક કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું.



આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ પ્રમુખ કિશોરભાઈ દેસાઈ ની આગેવાનીમાં ગાંધીનગર વિધાનસભા પરીસરની સામે વિદ્યાર્થીઓની ફી ના વિરોધમાં પ્રતિક ઉપવાસ ઘરણા કરેલ હોય ગાંધીનગર પોલીસ દ્વારા આમ આદમી પાર્ટી ના દરેક હોદ્દેદારો,કાર્યકર્તાઓ કુલ મળી ત્રણસો ની અટકાયત કરી ગાંધીનગર ડી વાય એસ પી ઓફીસ ખાતે લાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની ફી નો વિરોધ કરવામાં આવ્યો હતો.

### સફાઈ કામદારોનો અનોખો વિરોધ ભજન કરી ન્યાયની માંગ

# અરવલ્લી કલેકટર કચેરી બહાર પશુ દવાખાનામાં સફાઈ કામદારોને નોકરી પર લેવાની માંગ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના મહામારીમાં અસંખ્ય લોકોની રોજીરોટી છીનવાઈ ગઈ છે અરવલ્લી જીલ્લામાં પશુ દવાખાનામાં આઉટ સોર્સિંગ પર કામ કરતા ૨૫ થી વધુ સફાઈ કામદારોને છૂટા કરતા જિલ્લા કલેક્ટર, જીલ્લા વિકાસ અધિકારી તેમજ જિલ્લા પશુપાલન અધિકારીને રજૂઆત કરવામાં આવી હતી સફાઈ કામદારોને ન્યાય નહિ મળતા સહપરિવાર જીલ્લા કલેક્ટર કચેરી બહાર ન્યાયની માંગ સાથે ભજન મંડળી યોજી ન્યાયની માંગ કરતા લોકોના ટોળેટોળા અનોખો વિરોધ જોવા ઉમટ્યા હતા સફાઈ કામદારોના અનોખો વિરોધ પણ અધિકારીઓ સહન કરી ન શકતા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ તાબડતોડ પહોંચી ભજન કરી રહેલ સફાઈ કર્મીઓને અટકાયત કરતા સફાઈ કર્મચારીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતી પેદા થઇ હતી પોલીસે ૮ થી વધુ લોકોની અટકાયત કરી હતી

અરવલ્લી જિલ્લાના વિવિધ પશુ દવાખાનાઓમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા ૨૫ થી વધારે કર્મચારીઓને છેલ્લા કેટલાક મહિનાઓથી છૂટા કરતા તેઓ બેરોજગાર બન્યા છે. કર્મચારીઓને છૂટા કરતા તેઓને ઘરમાં ખાવાના ફાંફા પડી રહ્યા છે ત્યારે ન્યાયની માંગ સાથે કોરોના કહેર વચ્ચે અરવલ્લી જિલ્લા કલોક્ટર કચેરી ખાતે અનોખો વિરોધ જોવા મળ્યો હતો વાલ્મિકી સંગઠનના આગેવાન અને સફાઈકામદારોએ કલેક્ટર કચેરી બહાર જ ભજન મંડળી યોજી વિરોધ પ્રદર્શન કર્યો હતો. આ પ્રકારનો અરવલ્લી જિલ્લામાં પ્રથમવાર વિરોધ જોવા મળ્યો હતો. વાલ્મિકી સંગઠનના પ્રમુખ લાલજી ભગતની આગેવાનીમાં સફાઇ કામદારોએ ભજન ગાઇને વિરોધ કર્યો હતો, જેને જોવા માટે અહીં આવતા અરજદારો પણ ટોળું વળીને ભજન સાંભળતા નજરે પડ્યા હતા. મહત્વનું છે કે જિલ્લાના વિવિધ પશુ દવાખાનાઓમાં આઉટ સોર્સીંગથી ફરજ બજાવતા ૨૫ થી વધુ કર્મચારીઓને છેલ્લા કેટલાય મહિના થી છુટ્ટા કરી દેવામાં આવતા તમામ કર્મચારીઓના પરિવાર પર જાણે આભ તૂટી પડયું હોય તેવું લાગી રહ્યું છે. સફાઈ કામદારોએ આઉટ સોર્સીંગ એજન્સી મારફતે ફરજ પર પરત લેવાયા નથી છૂટા કરાયેલા સફાઇકર્મીઓને પરત લેવાની માંગ સાથે કેટલાય સમયથી જિલ્લા કલેક્ટર અને ડીડીઓ સહિતના અધિકારીઓને રજૂઆત કરીને થાકી ગયેલા સફાઇ કામદારોએ આજે અનોખી રીતે વિરોધ વ્યક્ત કર્યો હતો. આખરે કલેક્ટર કચેરીએ ટાઉન પૉલિસ પહોંચી હતી અને એક બાળકી સહિત ૮ લોકોની અટક કરી હતી પોલીસે વાજિત્રા સહિતના વાદ્યો પણ જપ્ત કર્યા હતા.

# દિવાળી સુધીમાં સુરતના હીરા ઉદ્યોગમાં વધારો થવાની શક્યતા

*સુરત,તા.૨૯*

કોરોનાની મહામારીમાં દેશભરમાં વેપાર ધંધા ઠંડા પડી ગયા છે, ક્યાંક આર્થિક સ્થિતિ નબળી તો ક્યાંક વેપાર સાવ બંધ થઈ જવાની નોબત આવી છે. હીરા ઉદ્યોગ માત્ર સુરત નહિ પણ મુંબઈમાં પણ છે. કોરોનાને પગલે મુંબઈથી કેટલાક હીરા કંપનીઓ સુરત તરફ વળી રહ્યા છે, જયાં હવે દિવાળી સુધીમાં સુરતના હીરા ઉદ્યોગની ચમકમાં વધારો થવાની શક્યતા છે. એક અંદાજ મુજબ હમણાં સુધી મુંબઈ હીરા બુર્સની ૨૫૦થી વધુ કંપનીઓ સુરતમાં સ્થાયી થઈ ચૂકી છે. જેના કારણે હવે સુરતના હીરા ઉદ્યોગની સાથે સાથે રિયલ એસ્ટેટના વેપારને પણ વધુ વેગ મળે તેવી શક્યતાઓ સેવાઇ રહી છે. મુંબઈમાં કોરોનાની મહામારીના કારણે વેપાર ઉદ્યોગ હજી પૂર્ણવત થઈ શક્યો નથી, જેના કારણે ચિંતામાં મુકાયેલા હીરા વેપારીઓ સુરતના હીરા ઉદ્યોગ તરફ વળી રહ્યા છે. સુરત શહેર આપદાને અવસરમાં બદલવા માટે હંમેશા અગ્રેસર રહ્યું છે. કોરોનાના કારણે સમગ્ર દેશમાં ધંધા-વેપારને મોટી અસર પહોંચી છે. જોકે આ વચ્ચે સુરતનો હીરા ઉદ્યોગ ધીરે ધીરે ફરી પાટા પર આવી રહ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.